

P.07

અલ્લુ અર્જુન બનશે શક્તિમાન? એક્ટર મુકેશ ખન્નાનું નિવેદન

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક



P.07

ખેડૂત આંદોલનમાં સમર્થનમાં ઉતર્યો અભિનેતા ગુરુ રંધાવા

www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૨૯ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર વદ ૦૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 129 • Dt. 18-12-2024 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


મહાકુંભમાં વિશ્વના સૌથી મોટા ફ્રી ફૂડ કેમ્પનું આયોજન કરાશે



07

18 DECEMBER- 2024 WEDNESDAY



07

વન નેશનલ-વન ઈલેક્શન સમર્થનમાં ૨૬૯ વોટ પડ્યા અને તેની વિરુદ્ધમાં ૧૯૮ વોટ

**દેશભરમાં ધૂમ મચાવતી સાયબર ગેંગ આખરે ઝડપાઈ**

આ ગેંગ લોકોને લોભામણી લાલચ આપીને તેમના બેંક ખાતા ભાડે રાખતી હતી । જૂનાગઢ સાયબર ક્રાઈમ પોલીસે તપાસ કરતા ૮૨ ખાતાઓમાં ૫૦ કરોડથી વધુની રકમની હેરફેર થઈ હોવાનું સામે આવ્યુ । સમગ્ર કૌભાંડના છેડા વિદેશમાં જોડાયેલા હોવાની શક્યતાઓ વધી । વિવિધ દિશામાં પોલીસ તપાસ શરૂ

# જૂનાગઢમાંથી ૫૦ કરોડની છેતરપિંડીનો પર્દાફાશ

**અમદાવાદના બે સહિત કુલ ૮ આરોપીઓની પોલીસે ધરપકડ કરી । જૂનાગઢ, અમરેલી, પોરબંદર અને ગીર સોમનાથના લોકોના બેન્ક ખાતા ભાડે રાખીને રૂપિયાની હેરફેર કરી**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૬ ।

ગેંગ લોકોને લોભામણી લાલચ આપીને તેમના બેંક ખાતા ભાડે લેતી હતી. ત્યારબાદ આ ખાતાઓમાં અન્ય જગ્યાએથી રૂપિયા જમા કરાવતી હતી. આ રૂપિયાને આંગણીયા કે હવાલા મારફતે ગુજરાત અને અન્ય રાજ્યોમાં મોકલી આપતી હતી. આ બદલામાં તેઓ ખાતાધારકોને કમિશન આપતા હતા. આ સમગ્ર કામગીરી માટે ગેંગે એક સુવ્યવસ્થિત નેટવર્ક ઊભું કર્યું હતું. જૂનાગઢ આસપાસના જિલ્લામાં બેંક ખાતા લીધાં અલગ અલગ બેંક ખાતાઓમાંથી ૫૦ કરોડથી વધુની રકમ ટ્રાન્સફર કરનાર જૂનાગઢની ગેંગને જૂનાગઢ સાયબર ક્રાઈમે ઝડપી પાડી છે.જૂનાગઢ રેન્જ આઈ.જી. નિલેશ જાજડીયાને મળેલી બાતમીના આધારે સાયબર ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ૨૦૦થી વધુ બેંક ખાતામાં છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું હતું. જેમાંથી ૮૨ ખાતાની તપાસ કરતાં ૫૦ કરોડ રૂપિયાની છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો. પોલીસે આ ગેંગના મુખ્ય સુત્રધારો સહિતના ૮ આરોપીઓની ધરપકડ કરી છે. આ ગેંગ લોકોના એકાઉન્ટ ભાડેથી રાખી તેમજ અન્ય ખાતાઓમાંથી રૂપિયા જમા કરાવી કમિશન આપવાની લાલચ આપતા હતા.



**આંગણીયા અને હવાલાથી અન્ય રાજ્યના શહેરોમાં ગેંગ નાણા મોકલતી**

જે ગેંગ અલગ અલગ બેંકના ખાતાધારકોના સંપર્ક કરી આખા ભારતમાં સાયબર ફ્રોડ કરી રહી છે. તેવા લોકો આ ખાતામાં નાણા જમા કરાવતા હોય અને આ ખાતાધારકોને પકડાયેલી ગેંગ કમિશન આપી ફ્રોડના નાણા આ ગેંગ ઉપાડી લેતી હતી. આ ગેંગના અમુક સભ્યો દ્વારા આંગણીયા અને અન્ય હવાલાથી અન્ય રાજ્યના શહેરોમાં આ ગેંગ નાણા મોકલતી હતી. ત્યારે ગુજરાત રાજ્ય બહારના અન્ય લોકોની પણ સંડોવણી બહાર આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

**ડિસેમ્બરની શરૂઆતથી જ ગુજરાતમાં ઠંડીએ કહેર મચાવી દીધો**

# નલિયામાં ૮ ડિગ્રીથી નીચું તાપમાન નોધાયું કચ્છમાં ઠંડીનું મોજું ફરી વળવાની આગાહી

**રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન ૧૫ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગગડી ગયું**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।

ડિસેમ્બરની શરૂઆતથી જ ગુજરાતમાં ઠંડીએ કહેર મચાવી દીધો છે. જેમ જેમ દિવસો વધી રહ્યા છે તેમ તેમ ઠંડીની તીવ્રતા પણ વધી રહી છે. સમગ્ર રાજ્યનું તાપમાન સતત ઘટી રહ્યું છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન ૧૫ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગગડી ગયું છે. ઠંડીની મહત્તમ અસર નલિયામાં જોવા મળી રહી છે જ્યાં તાપમાન ૭.૮ ડિગ્રી નોંધાયું હતું. આ સાથે જ હવામાન વિભાગે કચ્છમાં ઠંડીનું મોજુ ફરી વળવાની આગાહી કરી છે. આ સાથે વિભાગે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધુ વધશે.હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર એકે દાસે જણાવ્યું હતું કે ગુજરાતમાં આગામી ૭ દિવસ સુધી હવામાન સૂકું રહેશે. આ સાથે ૭ દિવસમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની આશા નથી. આ સાથે ગુજરાતમાં ઠંડી વધવા પાછળનું કારણ જણાવતા તેમણે કહ્યું કે પવનની ઝડપ ૫ થી ૧૦ નોટની છે, જેમાં ઠંડકનું પરિબળ પણ છે, જેના કારણે રાજ્યમાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.







લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


## ઔદ્યોગિક વિકાસની દોડમાં નદીનો સમયાંતરે બેફામ ઉપયોગ થવા લાગ્યો

# શુદ્ધ પાણી હવે એક માત્ર કલ્પના બની ગઈ ।

# ગુજરાતની ૧૩ નદીઓનું પાણી પીવાલાયક નહીં

### સૌથી વધુ પ્રદૂષણ ફેલાવતા ૨૩ ઔદ્યોગિક એકમો એકલા ગુજરાતમાં । વધુમાં, ૩ એકમો તો પર્યાવરણના એક પણ નિયમોનું પાલન કરતા નથી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।

શુદ્ધ પાણી હવે એક માત્ર કલ્પના બની ગઈ છે. માનવ વસ્તી વધતી ગઈ તેમ તેમ કુદરતી સંસાધનોનો ઉપયોગ વધતો ગયો. પીવાના પાણી માટે લોકો નદીના પાણીનો ભરપૂર વપરાશ કરે છે. પરંતુ ઔદ્યોગિક વિકાસની દોડમાં નદીનો સમયાંતરે બેફામ ઉપયોગ થવા લાગ્યો. આજે પરિસ્થિતિ એવી બની ગઈ છે કે ઔદ્યોગિક એકમો સ્થાપવાની દોડમાં કુદરતી સંસાધનોને ભારે નુકસાન થવા લાગ્યું છે. છેલ્લા અનેક દાયકાઓથી રાજ્ય અને કેન્દ્ર સરકારે અબજો રૂપિયા ખર્ચ્યા છે. વર્ષોથી પ્રદૂષિત નદીઓની સફાઈ કરવાના દાવા કરવામાં આવ્યા છે, કેટલાય પ્રોજેક્ટ્સ, યોજનાઓ શરૂ કરવામાં આવી છે. પરંતુ આજ દિન સુધી નદી ચોખ્ખી થઈ નથી. ગુજરાતમાં



૧૩ નદીઓમાં ભારે પ્રદૂષણ જોવા મળ્યું છે.આંકડા મુજબ, સૌથી વધુ પ્રદૂષણ ફેલાવતા ૨૩ ઔદ્યોગિક એકમો એકલા ગુજરાતમાં છે. વધુમાં, ૩ એકમો તો પર્યાવરણના એક પણ નિયમોનું પાલન કરતા નથી. તંત્ર માત્ર એકમોને નોટિસ પાઠવતી જોવા મળી છે, પરંતુ સખ્ત કાર્યવાહી કરવામાં હજુ ઘણી પાછળ છે તેમ જણાઈ રહ્યું છે. કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડ દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં ૨૭૯ નદીઓના ૩૧૧ જેટલા ભાગોમાં પ્રદૂષણ એટલું બધુ જોવા મળ્યું છે કે અહીં કોઈ નદી વહે છે કે કેમ તે એક મોટો પ્રશ્ન ઊભો થયો છે. લોકસભામાં ૨૦૨૨માં પર્યાવરણ અને વન મંત્રાલયે પ્રશ્નોતરીમાં ઉત્તર આપ્યો હતો. આ જવાબ જણાવવામાં આવ્યું હતું કે શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ જવાબદાર છે. તેમજ એકમોનું ગંદુ પાણી નદીઓમાં છોડાતા ડ્રેનેજ લાઈન અને ઉદ્યોગોના દૂષિત પાણીનો નિકાલ નદીઓ પ્રદૂષિત થવા પાછળનું મુખ્ય કારણ છે.કિનારા પરના દબાણો અને પ્રદૂષણ સહિતના અન્ય નદીઓના જળને કારણે પણ નદીઓ ગંદી થવા પાછળનું કારણ આપવામાં આવ્યું હતું. સરકારે નદીનું શુદ્ધિકરણ કરવા એક્શન પ્લાન બનાવ્યો હતો. નદીને પ્રદૂષિત થતી અટકાવવા સરકારે અનેક પગલા લીધા હોવાનો પણ દાવો કર્યો છે ત્યારે પરંતુ હજુ કેટલા પગલા લેવાયા છે તે એક સવાલ છે. ૨ એકમો તો ઉદ્યોગ સંચાલકોએ જાતે બંધ કરી દીધા હોવાનું જણાવ્યું હતું. પર્યાવરણ મંત્રાલયે ૨૦ એકમો પર્યાવરણના નિર્ધાર કરાયેલા માપદંડોનું યોગ્ય રીતે પાલન કરી રહ્યાં હોવાનું દાવો કરી રહ્યાં છે.ગુજરાતના સૌથી પ્રદૂષિત નદીઓ સાબરમતી, ભાદર અને ખાદર છે.શુદ્ધ પાણી હવે એક માત્ર કલ્પના બની ગઈ છે. માનવ વસ્તી વધતી ગઈ તેમ તેમ કુદરતી સંસાધનોનો ઉપયોગ વધતો ગયો. પીવાના પાણી માટે લોકો નદીના પાણીનો ભરપૂર વપરાશ કરે છે. પરંતુ ઔદ્યોગિક વિકાસની દોડમાં નદીનો સમયાંતરે બેફામ ઉપયોગ થવા લાગ્યો. આજે પરિસ્થિતિ એવી બની ગઈ છે કે ઔદ્યોગિક એકમો સ્થાપવાની દોડમાં કુદરતી સંસાધનોને ભારે નુકસાન થવા લાગ્યું છે.

## અમદાવાદના માંડલ વરમોર નજીક અકસ્માતમાં દંપતીનું મોત નિપજ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદમાં માંડલ નજીક થયેલ અકસ્માતમાં દંપતીનું મોત નિપજ્યું. માંડલ પાસેના એંછવાડા રોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો. આ અકસ્માતમાં બાઈક પર સવાર દંપતીનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું. અકસ્માતને પગેલ પોલીસ ઘટનાસ્થળ પર પહોચી ગઈ હતી.પ્રાપ્ત વિગત મુજબ માંડલ નજીક એંછવાડા રોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો. આ અકસ્માતમાં કાર પર સવાર દંપતીને ગંભીર ઈજા પંહોચી. વરમોરનું દંપતી જખવાડા ગામે બેસણામાં ગયું હતું અને ત્યાંથી પરત ફરતા હતા ત્યારે જ અકસ્માતનો ભોગ બન્યા. પૂરપાટ વેગે આવતી કાર સાથે બાઈકની ટક્કર થતા વરમોર દંપતી નીચે પટકાયા.કાર અને બાઈક વચ્ચે ભયાનક અકસમાત થતા ત્યાં લોકો ભેગા થઈ ગયા. ટોળાંમાંના એક વ્યક્તિએ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી. જો કે ગંભીર અકસ્માતને પગલે ઘટનાસ્થળે જ પતિનું મોત નિપજ્યું હતું.

## નિકોલ પાસેના ભુવાલડી ગામમાં હથિયારો સાથે ધીંગાણુ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાતમાં કેટલીક વાર જૂથ અથડામણની ઘટના બનતી હોય છે. ત્યારે અમદાવાદના નિકોલ પાસેના ભુવાલડી ગામે હથિયારો સાથે ધીંગાણુ થયુ છે. જો કે જૂથ અથડામણ કરનારા લોકોમાંથી પોલીસે ૫ શખ્સોની અટકાયત કરી છે. જમનીનનો કબજો લેવા જતા સમયે ટોળાએ હુમલો કર્યો હતો. મામલતદારના આદેશ બાદ કબજો લેવા ગેયલા જમીનદાર પર હુમલો કર્યો હતો. જે જમીનનો કબજો અપાયો તે ગૌચરની હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. સમગ્ર મામલે નિકોલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ છે.જમીન વિવાદની વાત કરીએ તો ધીરુ પટેલ અને અનિલ પટેલ નામના બંને ભાઈઓએ જમીન માલિકી અંગે દાવો કર્યો હતો. વર્ષ ૧૯૭૫થી તેમનો પરિવાર ગણોતીયા તરીકે આ જમીનની માલિકી ધરાવતો હોવાનો દાવો હતો. આ ૮ વિઘા જમીન માટે કોર્ટમાં કેસ ચાલતો હતો.

## સુરતમાં છેડતી કરનાર રોમિયોને યુવતીઓએ જાહેરમાં ખંખેર્યો

। પ્રતિનિધિ, સુરત, તા.૧૭ ।

સુરતમાં યુવતીઓની છેડતીના કિસ્સાઓ વધી રહ્યાં છે, એવામાં સોમવારે કાપોદ્રા વિસ્તારમાંથી યુવતીઓની છેલ્લા ત્રણ દિવસની યુવતીઓનો પીછો કરી છેડતી કરતા રોમિયોને યુવતીઓએ જ હિંમત બતાવીને તેને જાહેરમાં પકડી ઢીબી નાંખ્યો હતો. ત્યારબાદ તેને પોલીસને હવાલે કરી દેવામાં આવ્યો હતો. આખી આખી ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના કાપોદ્રા વિસ્તારમાં ઓફિસ જતી યુવતીઓની છેડતી કરતો હતો. આ ઘટનાક્રમ શનિવારથી ચાલી રહ્યો હતો. ત્યારબાદ યુવતીઓએ નક્કી કર્યું હતું કે જો ફરીવાર આ રોમિયો દેખાય તો તેને પકડી પાડી પાઠ ભણાવવો. સોમવારે ફરી એકવાર યુવતીઓ ઓફિસ જવા નીકળી તો આ યુવક જોવા મળ્યો હતો. એટલે યુવતીઓએ તેને પકડીને જાહેરમાં મેથીપાક ચખાડ્યો હતો. આ જોઈને આસપાસમાંથી લોકોનું ટોળું એકઠું થઇ ગયું હતું. શરૂઆતમાં આ રોમિયોને યુવતીઓને ન ઓળખવાનો ઢોંગ કર્યો હતો, તમે જે સમજો છો તે વ્યક્તિ હું નથી. મેં આ ભૂલ કરી નથી. ત્યારબાદ યુવતીઓ પોતાના પરિવારજનોને બોલાવીને પોલીસ સ્ટેશનના હવાલે કરી દીધો હતો.

## યુકેમાં રહેતા વિષ્ણુભાઈ અને સોનલબેન સ્વામિનારાયણ મંદિરમાં આવીને મહંત સ્વામીના આશીર્વાદ લીધા

# યુકેમાં ભણવા જતા વિદ્યાર્થીઓને ત્યાં રહેતા દંપત્તિની સલાહ મહેનત કરો કોઈ તકલીફ પડશે નહીં !!

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદમાંથી વિદેશ ભણવા જવા વિદ્યાર્થીઓને સંખ્યામાં નોંધપાત્ર વધારો દર વર્ષે થઈ રહ્યો છે ખાસ કરીને યુકે યુએસ અને કેનેડા જવાનો ક્રેઝ સૌથી વધારે છે માતા પિતાને ઘર ગીરવે મૂકવા પડે છે દાગીના પણ વેચવા પડે છે બેંકમાંથી લોન પણ લેવી પડે છે અને ગમે તેમ કરીને દીકરો હોય કે દીકરી તેમને વિદેશ ભણવા જવા માટે મોકલતા હોય છે હવે જાન્યુઆરી મહિનામાં વિદેશ ભણવા જનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધી ગઈ છે વિદેશ ભણવા જવા માટે યુનિવર્સિટી ની ફી ઉપરાંત મેડિકલ ઈન્સ્યોરન્સ આઈ લેટ્સની એક્ઝામ બેગેજ ની ખરીદી નાસ્તાની ખરીદી કપ



ડાની ખરીદી ફલાઈટ ની ટિકિટ સહિતના પરચુરણ ખર્ચા પણ અઢીથી ત્રણ લાખ જેટલા હોય છે મકાન ભાડે રાખવોનું હોય તો તેના પર દોઢ લાખ જેટલા થઈ જતા હોય છે અને વિદેશમાં ભણવા જતા વિદ્યાર્થીઓએ મકાન ભાડે રાખ્યું છે તેવા પુરાવા પણ આપવાના હોય છે વિદ્યાર્થીને પોતાની પાસે રાખવા માટે પણ રૂપિયા આપવાના હોય છે એટલે સામાન્ય સંજોગોમાં વિદેશમાં ભણવા જવાનો ખૂબ જ મોંઘુ પડતું હોય છે તેમ છતાં માતા-પિતા વિદ્યાર્થીઓને વિદેશ ભણવા જવા મોકલે છે તેની પાછળનું કારણ એવું છે કે ગમે તેટલો ખર્ચો કરીને ભણાવવામાં આવે તો પણ અમદાવાદમાં સારી નોકરી મળવી મુશ્કેલ છે એટલે ના છૂટકે વિદેશમાં ભણવા જવા મોકલે છે હમણાં જ યુકે થી અમદાવાદ આવેલા વિષ્ણુભાઈ પુરોહિત અને તેમના પત્ની સોનલબેન પુરોહિત તેમની માતા કે જેઓ હાલ રાજપુર રહે છે અને તેમની નાદુરસ્ત તબિયતના કારણે અમદાવાદ આવ્યા છે તેમની માતા કમળા બહેન પુરોહિત ની તબિયત સારી રહેતી નથી.

## ઝગડિયા જીઆઇડીસીમાં ૧૦ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૧૭ ।

ભરૂચમાં વધુ એક માસૂમ બાળકી દુષ્કર્મનો ભોગ બની. માતા અને ડોક્ટર પણ બાળકીને હાલત જોઈ થથરી ગયા. શહેરના ઝગડિયા જીઆઈડીસીમાં શ્રમિક પરિવારની ૧૦ વર્ષની બાળકી હવસખોરનો ભોગ બની. બાળકી પર અત્યાચાર ગુજારનાર નરાધમે દુષ્કર્મ બાદ બાળકીના ગુપ્તાંગ પર ગંભીર ઈજાઓ પંહોચાડી. બાળકીને પહેલા અંકલેશ્વરની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી. પરંતુ બાળકીને વધુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવાથી ભરૂચની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી.શહેરમાં ઝગડીયા જીઆઈડીસી વિસ્તારમાં બાળકી પર દુષ્કર્મ થયાની ઘટના બનવા પામી. આ વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારની ૧૦ વર્ષની બાળકી સોમવારે બપોર બાદ ગુમ થઈ હતી. પુત્રીની શોધ કરતા પરિવારને સોમવારે મોડી સાંજે બાળકી લોહી લુહાણ સ્થિતિમાં મળતા વધુ આઘાત લાગ્યો. માતા પુત્રીની સ્થિતિ જોઈ થથરી ઉઠી અને અઘટિત થયાની આશંકાએ તાત્કાલિક નજીકના દવાખાને પંહોચ્યા.

## ગુજરાતમાં પ્રથમ વખત આયાતી કોલસાની ચોરીનું રેકેટ ઝડપાયું

। પ્રતિનિધિ, સુરત, તા.૧૭ ।

ગુજરાતમાં પ્રતિબંધિતી પ્રવૃત્તિઓને અટકાવવા માટે સ્ટેટ મોનિટરીંગ સેલ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા આવી જ કડક કાર્યવાહી સુરતમાં હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં પ્રથમ વખત આયાતી કોલસાની ચોરીનું રેકેટ ઝડપી પાડવામાં એસએમસીને મોટી સફળતા મળી છે. જો સમગ્ર ઘટનાની વાત કરીએ તો સ્ટેટ મોનિટરીંગ સેલે બાતમીના આધારે કામરેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આયાતી કોલસાની ચોરીનું રેકેટ ઝડપી પાડ્યુ હતી.એસએમસીએ અલગ અલગ ટીમે ત્રણ આરોપીની ધરપકડ કરી છે. જેમની પાસેથી ૫૯ ટન આયાતી અને ૮ ટન મિક્ષ કોલસો મળી આવ્યો છે. જ્યારે ૩૫ ટન વેસ્ટ કોલસોનો જથ્થો પણ હાથે લાગ્યો છે. આ ઉપરાંત બે ટ્રક અને રોકડા રૂપિયા એક કાર સહિતનો કુલ ૪૫ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે. એટલુ જ નહીં ચાર લોકોને વોન્ટેડ પણ જાહેર કરવામાં આવ્યા છે.




## ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત ગણાતી મહેસાણાના

# ઊંઝા માર્કેટયાર્ડની ચૂંટણીમાં ખેડૂત વિભાગમાં ૯૮.૫%, વેપારી વિભાગમાં ૯૭% મતદાન

### ખેડૂત વિભાગમાં ૨૬૧ પૈકી ૨૫૮ અને વેપારી વિભાગમાં ૮૦૫ પૈકી ૭૮૨ મતદાન થયું

। પ્રતિનિધિ, ઊંઝા , તા.૧૭ ।

ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત ગણાતી ઊંઝા એપીએમસીની આજે સોમવારે ખેડૂત અને વેપારી વિભાગની ચૂંટણી યોજાઈ હતી. વેપારી વિભાગની ચાર અને ખેડૂત વિભાગની ૧૦ મળી ૧૪ બેઠકો માટે મેદાને રહેલા ૩૬ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં કેદ થયું હતું. જેનું આજે સવારે પરિણામ આવશે. ઊંઝા એપીએમસી ખાતે આજે સવારે ૯ કલાકે મતગણતરી હાથ ધરાશે. ખેડૂત વિભાગમાં કુલ ૨૬૧ પૈકી ૨૫૮ મતદારોએ મતદાન કર્યુ હતું જ્યારે વેપારી વિભાગમાં ૮૦૫ પૈકી ૭૮૨ મતદારોએ મતદાન કર્યુ હતું. સવારે મતદાન શરૂ થતાં ખેડૂત અને વેપારી વિભાગમાં મતદાન કરવા લાંબી લાઈનો લાગી હતી. સાંજે મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયુ હતું. ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ આજે સવારે ૯ વાગે મતદાન શરૂ થયુ હતું. જેને લઈ



મતદાન કરવા લાંબી કતારો જોવા મળી હતી. શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત એપીએમસી સંકૂલ ખાતે ગોઠવાયો હતો. ઊંઝા એપીએમસીની ચૂટણીમાં કુલ ૧૪ બેઠકો માટે ૩૬ ઉમેદવારો મેદાને જંગમાં છે.

જેમાં ખેડૂત વિભાગમાં ૧૦ બેઠકો માટે ૨૦ ઉમેદવારો અને વેપારી વિભાગમાં ૪ બેઠકો માટે ૧૬ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. સાંજે મતદાન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયુ હતું. જેને લઈ મતપેટીઓ બંદોબસ્ત સાથે ટ્રેઝરી ઓફિસ ખાતે લઈ જવામાં આવી હતી.મહેસાણા સાંસદ હરિભાઈ પટેલ પણ સુણોક મંડળીનાં સદસ્ય હોઈ મત આપવા માટે ઊંઝા ખાતે આવ્યા હતા. ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ પૂર્વ ચેરમેન દિનેશભાઈ પટેલ અને ઊંઝા ધારાસભ્ય કિરીટભાઈ પટેલ જૂથ વચ્ચે જંગ જામ્યો છે. આ ઉપરાંત ઊંઝાના પૂર્વ ધારાસભ્ય નારાયણભાઈ પટેલના પૌત્ર સુપ્રીત પટેલ પણ ચૂંટણી જંગમાં જોવા મળી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વેપારી વિભાગમાં ભાજપ દ્વારા આપવામાં આવેલા મેન્ડેડ વાળી પેનલ તૂટે તેવી સંભાવના વેપારી વર્ગમાં ચર્ચાઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, ખરીદ વેચાણ સંઘમાં ઊંઝા એપીએમસીના પૂર્વ ચેરમેન દિનેશભાઈ પટેલ બિનહરીફ બન્યા હતા. ઊંઝા ધારાસભ્ય કિરીટભાઈ પટેલએ જણાવ્યું હતું કે, ઊંઝા એપીએમસીમાં દર પાંચ વર્ષે ચૂંટણી યોજાય છે. આ વખતે પણ ચૂંટણી યોજાઈ રહી છે અને રાબેતા મુજબ મતદાન થઈ રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીએ મેન્ડેટ આપેલું છે તેવા ઉમેદવારો વિજયી બનશે. ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત ગણાતી ઊંઝા એપીએમસીની આજે સોમવારે ખેડૂત અને વેપારી વિભાગની ચૂંટણી યોજાઈ હતી.

## જામનગર મહાનગરપાલિકા તંત્રના આરોગ્ય શાખા દ્વારા

# જામનગર શહેર શાળા આરોગ્ય તપાસણી : ૨૨૦ બાળકો ગંભીર બીમારીથી પીડિત

। જામનગર, તા.૧૭ ।

જામનગર મહાનગરપાલિકા તંત્રના આરોગ્ય શાખા દ્વારા વર્ષ ૨૦૨૪ના શાળા આરોગ્ય તપાસણીમાં અત્યાર સુધીમાં ૧.૭૨ લાખ બાળકોમાંથી ૧.૨૬ લાખ બાળકોની આરોગ્ય તપાસણી કરતા તેમાં ગંભીર પ્રકારની ૨૨૦ બાળકોને બીમારી સામે આવી. જેમાં હૃદય સંબંધી બીમારીના સૌથી વધુ ૧૨૫ બાળકો મળી આવતાં તેમનું નિ:શુલ્ક સરકાર દ્વારા સારવાર કરાવવામાં આવી છે. તો અમુક બાળકોના વાલીઓએ સ્વખર્ચે સારવાર કરાવી હતી.શાળા આરોગ્ય તપાસણીમાં બાળકો-વિદ્યાર્થીઓમાંથી ગંભીર પ્રકારની બીમારીઓ મળી આવતાં ગરીબ પરિવારના બાળકોને સરકારના ખર્ચે બાળકો-વિદ્યાર્થીઓની તમામ સારવાર કરાવવામાં આવે છે. ત્યારે જામનગર શહેરમાં આરોગ્ય શાખાએ ૩૩૪ શાળાઓ-હાઈસ્કુલો તેમજ ૩૩૭ આંગણવાડીઓ મળીને કુલ ૧,૭૪,૪૫૧ બાળકોની શાળા આરોગ્ય તપાસણીનો વર્ષ ૨૦૨૪ના એપ્રિલ માસથી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

બીજી બાજુ અત્યાર સુધીમાં ૧,૨૬,૩૪૫ બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવતા ૨૨૦ બાળકોને ગંભીર પ્રકારની બીમારીઓ સામે આવી હતી. જેમાં હૃદય સંબંધી બીમારીઓ ૧૨૫, કીડનીની ૩૫, કેન્સરના ૩૫, થેલેસેમીયાના ૨, જન્મજાત બહેરાસ તેમજ અન્ય બીમારીઓ ૨૧ મળીને અત્યાર સુધીમાં ૨૨૦ બાળકોને ગંભીર પ્રકારની બીમારીઓ સામે આવી છે.જેમાં તમામ બાળકોની સારવાર કરવામાં આવી રહી છે. તો અમુક વાલીઓએ પોતાના ખર્ચે તો અમુક વાલીઓ બીમારીના ખર્ચને પહોંચી ન વળતા તેઓને સરકાર મારફત સારવાર કરાવવામાં આવી છે. જેમાંથી અમુક બાળકોની સારવાર ચાલી રહી છે, તો અમુક બાળકો સંપુર્ણ સ્વસ્થ થયા છે. જામનગર મહાનગરપાલિકા તંત્રના આરોગ્ય શાખા દ્વારા વર્ષ ૨૦૨૪ના શાળા આરોગ્ય તપાસણીમાં અત્યાર સુધીમાં ૧.૭૨ લાખ બાળકોમાંથી ૧.૨૬ લાખ બાળકોની આરોગ્ય તપાસણી કરતા તેમાં ગંભીર પ્રકારની ૨૨૦ બાળકોને બીમારી સામે આવી. સૌથી વધુ ૧૨૫ બાળકો મળી આવતાં તેમનું નિ:શુલ્ક સરકાર દ્વારા સારવાર કરાવવામાં આવી છે.

# પત્નીના આડા સંબંધની શંકામાં ઘરજમાઈ પતિએ પત્નીની હત્યા કરી

। માહિતી બ્યુરો, વડોદરા, તા.૧૬ ।

વડોદરામાં પ્રેમલગ્નના ૩ વર્ષમાં જ પતિએ પત્નીની હત્યા કરી નાંતા ચકચાર મચી છે. પ્રાથમિક તપાસમાં પત્નીના આડા સંબંધની શંકાને પગલે તેણે આ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું છે. પત્ની પ્રાઈવેટ કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતી હતી. જેના આડાસંબંધ હોવાની આશંકા રાખી ટ્રક ડ્રાઈવર પતિ અવારનવાર ઝઘડા કરતો રહેતો હતો. આ આશંકાના કારણે જ ડ્રાઈવર પતિએ રાત્રિના સમયે ઊંઘી રહેલી પત્નીને ગળેટૂંપો આપી હત્યા નિપજાવી હોવાનું સામે આવ્યું છે. પત્નીની હત્યા નિપજાવી તેને પહેરેલા દાગીના ઉતારી ફરાર થયેલા પતિને પોલીસે ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.વડોદરા શહેરના ન્યુ સમા રોડ પર આવેલ ડિફેન્સ કોલોની-૨માં રહેતા શ્રીધર પૂજારીની દીકરી પૂર્ણિમા પૂજારીએ ત્રણ વર્ષ પહેલાં મનજિતસિંગ ધિલ્લોન સાથે લવ વિથ અરેન્જ મેરેજ કર્યા હતાં. મનજિતસિંગ ટ્રક ડ્રાઈવરનું કામ કરે છે અને પૂર્ણિમા વડોદરા શહેરના ગેંડા સર્કલ પાસે રવિ એનર્જી નામની કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે છેલ્લાં ત્રણ વર્ષથી નોકરી કરતી હતી. પૂર્ણિમા અને મનજિતસિંગ વચ્ચે અવાર-નવાર પૂર્ણિમાની નોકરી અને પૂર્ણિમાના કોઈની સાથે અનૈતિક સબંધ છે, તે વાતને લઈને ઝઘડાઓ થતાં રહેતા હતા અને મનજિત ક્યારેક ક્યારેક રાત્રીના સમયે પૂર્ણિમા સાથે મારામારી કરતો હતો.







## તંત્રી લેખ..

# ઓપરેશન ઓલઆઉટ

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ રાજ્યમાં શાંતિ સ્થાપિત કરવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જો કે હજુ સુધી સફળતા મળી રહી નથી. હજુ નાના હુમલા થઇ રહ્યા છે. આ હુમલાઓને રોકવા માટે તંત્ર સાવધાન છે. વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. સેના દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઓપરેશન ઓલઆઉટના કારણે વર્ષ ૨૦૨૨માં જ હજુ સુધી ૧૧૯ ત્રાસવાદીઓનો ખાતમો કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદ્દીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઇ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઈમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઇ રહ્યા છે. એક થઈને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઈ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઇને કોઇ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહી ની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઈ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઈ રીતે હાથ ધરીએ છીએ.



### ચીનને તેની ભાષામાં જ જવાબ આપવાની જરૂર ઉભી થઇ છે...

**ચીન અને ભારત વચ્ચે ૩૪૮૮ કિલોમીટર લાંબી સરહદ છે સરહદ સાથે જોડાયેલા પારસ્પરિક વિવાદને સમજી લઇને તેના ઉકેલ લાવવામાં આવે તે સમયની માંગ છે આના માટે ઇતિહાસના પાના ઉથેલવા જોઇએ. અરૂણાચલપ્રદેશ શરૂઆતથી ભારત અને ચીન વચ્ચે વિવાદના કારણ તરીકે છે**

# ચીનની ચાલાકી : ગુપ્ત રીતે નિર્માણ કામ

**ચીનની ચાલના મુલ્યાંકન બાદ જ પોતાના મોહરાનો ઉપયોગ કરવાની જરૂર : બાજી હમેંશા હાથમાં રાખવા માટે સાવધાની ખુબ જરૂરી છે**

ચીનની ચાલાકી વધી રહી છે. અરૂણાચલપ્રદેશમાં માર્ગ નિર્માણના બહાને ચીની સૈનિકોની ઘુસણખોરી રોજની વાત થઇ ગઇ છે.હાલમાં જ તુતિંગ અને કિવિથમાં ચીની સૈનિકોની ઘુસણખોરી થઇ હતી. સાથે સાથે ત્યાં ભારતીય જવાનોની પેટ્રોલિંગની પ્રક્રિયાની સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. ચીન અને ભારત વચ્ચે ૩૪૮૮ કિલોમીટર લાંબી સરહદ છે. સરહદ સાથે જોડાયેલા પારસ્પરિક વિવાદને સમજી લઇને તેના ઉકેલ લાવવામાં આવે તે સમયની માંગ છે. આના માટે ઈતિહાસના પાના ઉથેલવા જોઈએ. અરૂણાચલપ્રદેશ શરૂઆતથી ભારત અને ચીન વચ્ચે વિવાદના કારણ તરીકે છે. ચીન આને દક્ષિણ તિબેટના હિસ્સા તરીકે ગણે છે. સાથે સાથે જીદ્દી વલણ ધરાવે છે. બીજી બાજુ પ્રાચીનકાળથી જ આ હિસ્સો ભારતનો છે. રામાયણ, વૈદિક કાળ અને મહાભારતના સમયથી જ તેના ભારતમાં હોવાના પુરાવા મળ્યા છે. અમને સમજી લેવાની જરૂર છે કે ચીન ખુબ વિચારીને રણનિતી પર આગળ વધનાર દેશ છે. તે પોતાની આર્થિક પ્રગતિમાં કોઈ અડચણ ઈચ્છતુ નથી. તેની નીતિ તેના હરિફોને કોઈ પણ રીતે પરેશાન કરવાની રહી છે. પડોશી દેશોના નાગરિકોમાં અવિશ્વાસની ભાવના ઉભી કરવાનો તેનો હેતુ રહ્યો છે. ભારતને ભ્રમમાં મુકીને આગળ વધવા માંગે છે. ચીનની ચાલાકીનો હવે યોગ્ય જવાબ આપવાનો સમય છે. જે



રીતે ચેસના ખેલાડી દરેક ચાલનો જવાબ વિચારીને આપે છે તે રીતે ચીનની ચાલનો જવાબ આપવાની જરૂર છે. સરહદ પર ટેન્શનની ચીની ચાલને કોઈ પણ કિંમતે હળવાશથી લઈ શકાય નહી. અરૂણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વારંવાર ચીની ઘુસણખોરીના સમાચાર આવતા રહે છે. અરૂણાચલપ્રદેશ અને સિક્કિમને લઈને તેની નીતિ પણ હમેંશા પ્રશ્નો ઉભા કરે છે. ચીનની ઘુસણખોરીને હળવાશથી લેવાની સ્થિતીમાં નુકસાન થઈ શકે છે. ચીનની દુસાહસની પ્રવૃતિ માત્ર દક્ષિણ ચીન દરિયા સુધી જ મર્યાદિત નથી. તે સમગ્ર દક્ષિણ એશિયામાં આને અજમાવવા માટે ઈચ્છુક છે. ડ્રેગન ભારતને સરહદી વિવાદ મામલે બેકફુટ પર લઈ જવા માટે પ્રયાસ કરે છે. ભારતીય સરહદમાં ક્યારેય લડાખમાં તો ક્યારેય અરૂણાચલ પ્રદેશમાં ચીની સૈનિકો ઘુસણખોરી કરતા રહે છે. હવે તેમની દરમિયાનીગીરી ઉત્તરાખંડ સુધી પહોંચીગઈ છે. આ બાબત અમારા માટે ચોક્કસપણે ચિંતાજનક છે. ચોક્કસપણે આ ઘુસણખોરી પાછળ ચીનની પહેલા જ વિચારવામાં આવેલી રણનિતી રહેલી છે. તેમાં ઉંડાણમાં જવામાં આવે તો જાણી શકાય છે કે કેટલાક પાસા તેમાં રહેલાછે. ભારતને દક્ષિણ એશિયામાં કઈ રીતે કાઉન્ટર બેલેન્સ કરવામાં આવે તેના પ્રયાસમાં ચીન રહે છે. આના કારણે જ તે સરહદી વિવાદ મામલે ભારતને હેરાન કરવાના પ્રયાસ કરે છે. તે ભારતમાં સરહદી વિસ્તારમાં ઘુસણખોરી કરીને ભારતને મંત્રણા ટેબલ પર લાવવા માટે ઈચ્છુક રહે છે. આ વખતે ચીન દક્ષિણ એશિયામાં વેપાર અને રોકાણમાટે પ્રવેશ ઈચ્છે છે. બાંગ્લાદેશ, મ્યાનમાર, ચીન કોરિડદોરની જેમ જ તે કેટલીક સુચિત યોજના ધરાવે છે. તે સંપૂર્ણ દક્ષિણ એશિયામાં પોતાના ભૌગોલિક જોડાણ જેમ તેમ વધારીને આગળ વધવાના પ્રયાસમાં રહે છે. ભારત તેની આ રણનિતીથી નારાજ છે. બીજો મોટો મુદ્દો એ છે કે ચીન નેપાળ, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના સંપર્કમાં રહીને તેમના ટેકાથી સાર્કના સભ્ય બનવાની નિતી પણ અપનાવી રહ્યુ છે. આના કારણે તેની ક્ષેત્રીય દરમિયાનગીરી વધારે વધી જશે. તે હાલના સમયમાં પોતાની સાથે નાના દેશોને લઈ લેવા માટે તમામ પ્રયાસ કરી રહ્યુ છે.તે દક્ષિણ એશિયામાં માત્ર કારોબાર અને રોકાણને વધારી દેવાના હેતુથી આવુ કરી રહ્યુ નથી બલ્કે ભારતને સરળરીતે કાઉન્ટર કરવાની રણનિતી હેઠળ આવુ કરી રહ્યુ છે. હાલમાં જ એક નવી રણનિતી હેઠળ ચીને ગિલગિટ-બાલતિસ્તાન વિસ્તારમાં ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોરને સુરક્ષા આપવા માટે કહ્યુ છે. અત્રે નોંધનીય છે કે ચીન આ કોરિડોર પર ૪૫ અબજ ડોલરથી ૩૦ અબજ ડોલરનુ રોકાણ કરી ચુક્યુ છે. ચીન કોરિડોરની સુરક્ષાના નામે પીપલ્સ લિબરેશન આર્મીને સિવિલ એન્જિનિયરના રૂમમાં ત્યાં ગોઠવી દેવાના પ્રયાસમાં છે. એટલે કે તે ગિલગિટ-બાલતિસ્તાનમાં સૈનિકોની હાજરીના કારણે ભારત પર વધારે દબાણ સર્જવાના પ્રયાસમાં છે. લડાખ ક્ષેત્રમાં જ્યારે પણ તેના દ્વારા ઘુસણખોરી કરવામાં આવે છે ત્યારે તેની આવી જ રણનિતી હોય છે. લડાખમાં ઘુસણખોરી અને અરૂણાચલ પ્રદેશના ઉત્તરીય ક્ષેત્રને દક્ષિણી તિબ્બેટ કહેવાની તેની નિતી બિલકુલ યોજનાપૂર્વકની રહી છે.

# બાળકોને પોષ્ટિક ચીજો જરૂરી



બાળકોને ગ્રોઈંગ એજમાં પૂરતા પ્રમાણમાં પોષ્ટિક અને યોગ્ય ડાઈટ આપવાની સલાહ નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બાળકો સાથે બળજબરીપૂર્વક ન કરવી જોઈએ. બાળકોને પસંદગીની ચીજવસ્તુઓ આપવા માટે યોગ્ય વલણ અપનાવવાની સલાહ પણ આપવામાં આવી છે. અભ્યાસ મુજબ દરેક ચીજના પોષક તત્વો અંગે પહેલાં માતા-પિતા માહિતી મેળવે તે જરૂરી છે. માહિતી મેળવી લીધા બાદ બાળકોને ખૂબ જ સાવધાનીપૂર્વક આ ચીજવસ્તુઓ આપવી જોઈએ. બાળકોની ગ્રોઈંગ એજમાં તેમના માટે પોષક તત્વો ખૂબ જ જરૂરી છે પરંતુ આધુનિક સમયમાં ફૂડ વિકલ્પો વધી ગયા છે જેના પરિણામ સ્વરૂપે બાળકો જંક ફૂડની તરફ આકર્ષિત થયા છે. પૌષક નિષ્ણાંત સુનિતા દુબેનું કહેવું છે કે માતા-પિતાને બાળકોમાં ખાવા-પીવાની સારી ટેવ પાડવી જોઈએ. જો શરૂઆતથી જ આ ટેવ પાળવામાં આવે તો જીવનમાં આ ટેવ યથાવત્ રહે છે અને તેનો ફાયદો રહે છે. બાળકોની ડાઈટને લઈને નિષ્ણાંતોનું કહેવું છે કે સાવધાનીપૂર્વકનું વલણ ખૂબ જરૂરી છે. આનાથી બાળકોને એનર્જી મળવાની સાથે સાથે તેમના દીમાગ પણ સાર્ફ બને છે. એટલામાં ઓછું હોય તેમ તેમના મૂડ ઉપર પણ આની અસર થાય છે. ક્લીનીકલ સાઈકોલોજીસ્ટ ડૉક્ટર નુપુર કૃષ્ણનનું કહેવું છે કે બાળકોને એનર્જીની ખૂબ જ વધારે જરૂર હોય છે. કારણ કે બાળકો આ વખતે ગોઈંગ એજમાં હોય છે. આમા કોઈ બાંધછોડ કરવામાં આવે તો તેમના વિકાસ ઉપર અસર થાય છે. બાળકોને પ્રતિ કિલોની દૃષ્ટિએ વાત કરવામાં આવે તો પુખ્તવયના લોકોની સરખામણીમાં વધારે કેલોરીઝની જરૂર પડે છે. બાળકોમાં મેટાબોલિઝમ રેટ ખૂબ વધારે હોય છે. વય વધવાની સાથે સાથે આમા ઘટાડો થાય છે. મોટા લોકોની સરખામણીમાં બાળકોની ફિઝિકલ એક્ટિવિટી વધારે હોય છે.



### ઇન્જેક્શનની પિડાથી ટુંક સમયમાં જ છુટકારો મળે તેવા સંકેત...

**ટાઇપ-૧ ડાયાબિટીસના લાખો દર્દીને ઇન્જેક્શન અથવા તો સોઇ મારઉતે ઇન્સુલિન આપવામાં આવે છે કારણ કે આ દર્દીઓના શરીરમાં ઇન્સુલિનનુ નિર્માણ થઇ શકતુ નથી વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે**

# હવે ઇન્સુલિનની ગોળી બની રહી છે

**વિશ્વમાં આશરે ચાર કરોડ લોકો ટાઇપ-૧ ડાયાબીટીસના દર્દી છે : મોટા ભાગના દર્દીને દરરોજ, દિવસમાં બે વખત ઇન્જેક્શનની ફરજ પડે છે**

દુનિયાભરમાં આશરે ચાર કરોડ લોકો ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દી છે. આ તમામ દર્દી પૈકી મોટા ભાગના દર્દીને દરરોજ, દિવસમાં બે વખત ઈન્સુલિનના ઈન્જેક્શન લેવાની ફરજ પડે છે. પોતાના બ્લડ શુગર લેવલને નિયંત્રિત રાખવા માટે આવા દર્દીને ઈન્જેક્શન લેવાની ફરજ પડે છે. પરંતુ હવે વૈજ્ઞાનિક ઈન્સુલિનની ગોળીઓ વિકસિત કરી રહ્યા છે. જેના કારણે ડાયાબિટીસના દર્દીને ઈન્ડેક્શનની પિડાથી રાહત મળી શકશે. ગોળી અને ઈન્જેક્શન વચ્ચે પસંદગી કરવાના વિકલ્પ મળવાની સ્થિતીમાં મોટા ભાગના દર્દી ગોળીને જ પસંદ કરશે તે બાબત તો નક્કી છે.



હકીકતમાં હાર્વર્ડ જોન એ પોલસન સ્કુલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ અપ્લાઈડ સાયન્સના શોધ કરનાર લોકોએ કહ્યુ છે કે શરીરમાં ઈન્સુલિનની સપાટી જાળવી રાખવા માટે એક ઓરલ મેથડ વિકસિત કરવામાં આવી છે. જેના મારફતે ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓને ઈન્સુલિનના ઈન્જેકશન લેવાની જરૂર પડશે નહી. નિષ્ણાંતોએ કહ્યુ છે કે કેટલાક લોકો તો પિડાથી બચવા માટે ઈન્જેક્શનના ડરથી ઈન્સુલિન લઈ શકતા નથી. પરિણામ એ થાય છે કે શરીરમાં ગ્લાઈસેમિક નિયંત્રણ ખરાબ થઈ જાય છે. જેના કારણે આરોગ્ય સાથે સંબંધિત ગંભીર સમસ્યા ઉભી થઈ શકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ટાઈપ-૧ ડાયાબિટીસના લાખો દર્દીને ઈન્જેક્શન અથવા તો સોઈ મારઉતે ઈન્સુલિન આપવામાં આવે છે. કારણ કે આ દર્દીઓના શરીરમાં ઈન્સુલિનનુ નિર્માણ થઈ શકતુ નથી. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ૬૧ મિલિયન ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો બોઝ ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો ૯.૨ ટકા છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે. આઈડીએફના જણાવ્યા મુજબ આ વર્ષે ડાયાબિટીશથી ગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૩૬૬ મિલિયનની આસપાસ રહી છે જેમાં ૪.૬ મિલિયનના મોત થયા છે. આરોગ્ય સંભાળ દ્વારા ડાયાબિટીસ ઉપર ખર્ચ ૪૬૫ અબજ ડૉલર સુધી પહોંચી ગયો છે. નવા આંકડા સંકેત કરે છે કે ડાયાબિટીસથી ગ્રસ્ત લોકોની સંખ્યા આ વર્ષે ૩૬૬ મિલિયનથી વધીને વર્ષ ૨૦૩૦ સુધી ૫૫૨ મિલિયન સુધી પહોંચી જશે. જો પૂરતા પગલાં લેવામાં નહીં આવે તો સ્થિતિ વધુ ગંભીર બનશે. આંકડામાં જણાવવામાં આવ્યું છે કે દર ૧૦ સેકન્ડમાં ત્રણ નવા કેસ નોંધાઈ રહ્યા છે અથવા તો દર વર્ષે ૧૦ મિલિયનનો ઉમેરો થઈ રહ્યો છે. આ વર્ષે દક્ષિણ એશિયામાં ડાયાબિટીશના દર્દીઓની સંખ્યા ૭૧.૪ મિલિયનમાંથી આ સંખ્યા ૨૦૩૦ સુધી વધીને ૧૨૦.૯ મિલિયન સુધી પહોંચે તેવી શક્યતા છે. આઈડીએફએ એવો અંદાજ મૂક્યો છે કે ૩૬.૨ મિલિયનની હજુ ચકાસણી કરવામાં આવી નથી. દરેક પાંચ ડાયાબિટીસના રોગી પૈકી ચાર ૪૦થી ૫૯ સુધીની વયના છે. આશરે ૭૮૦૦૦ બાળકોને દર વર્ષે ટાઈપ-૧ ડાયાબિટીસ રોગની અસર થઈ રહી છે. ૨૦૩૦ સુધી દરેક દસ પુખ્તવયના લોકો પૈકી એકને ડાયાબિટીસની અસર રહેશે. ડાયાબિટીસના દર્દીઓને જુદી જુદી તકલીફ થવાની સ્થિતીમાં વધારે સાવધાની રાખવાની જરૂર પડતી હોય છે.

### સોડિયમનુ પ્રમાણ ઓછુ લેતા લોકો માટે પણ કેટલીક સલાહ...

# વધારે સોડિયમના ઉપયોગથી થતી બિમારીને ધ્યાનમાં લઇને કેટલીક કંપનીઓ તો મિઠુમાં ઓછા સોડિયમનો દાવો પણ કરી રહી છે

સોડિયમના ઉપયોગને લઈને હમેંશા વિરોધાભાસી હેવાલ આવતા રહ્યા છે. સોડિયમ શરીર માટે નુકસાનકારક છે કે પછી ફાયદાકારક છે તેને લઈને વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યા હોવા છતાં કોઈ બાબત નક્કરરીતે બહાર આવી શકી નથી. હવે નિષ્ણાંતો એમ પણ કહે છે કે સોડિયમનુ પ્રમાણ ખુબ ઓછુ રાખનાર લોકોને પણ તકલીફ થાય છે. અમે જે મિઠાનો ઉપયોગ મુખ્ય ઘટક તરીકે કરીએ છીએ તેમાં સોડિયમ હોય છે. સોડિયમના વધારે પ્રમાણના કારણે હાઈપરટેન્શન અને તેની સાથે જોડાયેલી બિમારી વધારે થાય છે. વધારે સોડિયમ સેવનથી થનાર બિમારીને ધ્યાનમાં લઈને કેટલીક કંપનીઓ દાવો કરે છે કે તેમની કંપની દ્વારા ઉત્પાદિત મીઠામાં સોડિયમનુ પ્રમાણ ખુબ ઓછુ છે. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે જરૂર કરતા ઓછા પ્રમાણમાં સોડિયમના ઉપયોગથી પણ કેટલાક ખતરા રહેલા છે. ઓછુ સોડિયમ પણ ખતરનાક



સાબિત થઈ શકે છે. નેફ્રોલોજિસ્ટનુ કહેવુ છે કે જો વધારે સોડિયમનો ઉપયોગ નુકસાનકારક છે તો ઓછા પ્રમાણમાં સોડિયમ પણ ઘાતક બની શકે છે. જો મીઠામાં સોડિયમનુ પ્રમાણ ઓછુ રહેશે તો તેમાં પોટેશિયમનુ પ્રમાણ વધારે રહે છે. લોહીમાં વધારે પ્રમાણમાં પોટેશિયમ હોવાના કારણે હાઈપરકેલેમિયા નામની સમસયા ઉભી થઈ જાય છે. જેના કારણે ધબકારા ધીમા થાય છે. હાર્ટના ધબકારા ઘટી જાય છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ લિવર એન્ડ બાઈલરી સાઈન્સેઝના નેફ્રોલોજિસ્ટ નિષ્ણાંતોએ કહ્યુ છે કે તેમની પાસે દર મહિનામાં ચારથી પાંચત કિડનીના એવા દર્દી આવે છે જે લોકોએ તબીબોની સલાહ વગર સોડિયમનુ પ્રમાણ ખુબ ઓછુ કરી દીધુ હતુ. કેટલીક વખત તો તેમના આરોગ્ય પર ખુબ માઠી અસર થઈ છે. આના કારણે દર્દીને ડાયાલિસીસ કરાવવાની ફરજ પડે છે. કેટલાક કેસોમાં કાર્ડિયેક પેસમેકર મુકાવવાની પણ જરૂર પડે છે. આની બિલકુલ વિરુદ્ધમાં પણ કેટલાક તારણો આવી ચુક્યા છે. સોડિયમના ઉપયોગના મામલે હમેંશા વિરોધાભાસી હેવાલ આવતા રહ્યા છે. અમેરિકામાં તાજેતરમાં જ કરવામાં આવેલા નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે હાર્ટને હેલ્થી રાખવા માટે વધારે પડતાં સોડિયમના ઉપયોગને ટાળવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત ફ્રેશ ચીજવસ્તુ ખાવાની સલાહ પણ આ અભ્યાસમાં આપવામાં આવી છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે હેલ્થી ડાઈટ ઘણી તકલીફથી દૂર રાખે છે પરંતુ અસંતુલિત ડાઈટના લીધે બ્લડપ્રેશર, કોલેસ્ટેરોલ, બ્લડ સુગરની સપાટી અને વજન સતત વધી જાય છે જેના કારણે હાર્ટના રોગનો ખતરો વધી જાય છે. બર્મીંગ્હામ સ્કૂલ ઓફ પબ્લીક હેલ્થમાં યુનિવર્સિટી ઓફ અલાબામાના સંશોધકોએ અભ્યાસ કર્યા બાદ આ મુજબના તારણો આપ્યા છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે હાર્ટના રોગ માટે એકંદરે ઘણા પરિબળો જવાબદાર રહે છે. સોડિયમ બ્લડપ્રેશરને વધારવામાં તથા અન્ય ઘણા રોગને આમંત્રણ આપે છે. ત્રણ અમેરિકનો પૈકી એક માટે સોડિયમ ખતરનાક હોવાની બાબત પણ જાણવા મળી છે જે હાઈબ્લડપ્રેશર વધારવામાં ભૂમિકા ભજવે છે. સોડિયમ સેલમાં પાણીને આકર્ષિત કરે છે જેથી બ્લડપ્રેશરમાં ફ્લુઈડ પ્રમાણ વધી જાય છે. આનાથી સ્ટ્રોક અને હાર્ટ એટેકના હુમલા થવાનો ખતરો વધી જાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ખતરામાં વધારો કરનાર અન્ય પરિબળો પણ છે. સર્વોચ્ચ સોડિયમના જથ્થાનો ઉપયોગ ખતરનાક છે. બ્લેક અને વાઈટ સોડિયમની અસર જુદી જુદી રહે છે. કાળા હાઈએસ્ટ સોડિયમના હિસ્સા (૨૬૦૦ એમજી પ્રતિદિવસ)થી મૃત્યુનો ખતરો ૬૨ ટકા વધી જાય છે. અભ્યાસ મુજબ સોડિયમના પ્રમાણને મર્યાદિત રાખવામાં આવે તે જરૂરી છે. ફ્રૂટ અને વેજીટેબલ જેવી ચીજવસ્તુ ખાવામાં દરરોજ ઉપયોગમાં લેવી જોઈએ. આનાથી વધારે પ્રમાણમાં પોટેશિયમ મળે છે જે બ્લડપ્રેશરને ઘટાડવામાં ઉપયોગી ભૂમિકા ભજવે છે. ફળ અને શાકભાજી માટે ફ્રેશ સર્વશ્રેષ્ઠ સોસ તરીકે છે. ફિશ પણ ઉપયોગી પસંદગી બની શકે છે. સપ્તાહમાં બે વખત ફિશ ખાવાની સલાહ સંશોધનમાં આપવામાં આવી છે જે હાર્ટ રોગના ખતરાને ઘટાડવા સાથે સંબંધિત સારા ફેટના સોર્સ તરીકે છે. સોડિયમ શરીર માટે અતિ ઉપયોગી ઘટક તરકે છે. તેના ઉપયોગની યોગ્ય માત્રા શરીર માટે રહે તે જરૂરી છે. સોડિયમ વધારે પ્રમાણમાં લેવાથી શ્રેણીબદ્ધ સમસ્યા ઉભી થાય છે. આવી રીતે ઓછા પ્રમાણથી પણ નુકસાન છે.

CMYK



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

CMYK



ગોળીબારની ઘટના બની ત્યારે આ સ્કૂલમાં આશરે ૪૦૦ વિદ્યાર્થી હતા

# યુએસના વિસ્કોન્સિનમાં એક સ્કૂલમાં ગોળીબાર : પાંચના મોત

। મેડિસન, તા.૧૭ ।

અમેરિકાના વિસ્કોન્સિનમાં એક સ્કૂલમાં ગોળીબારની ઘટનામાં પાંચ લોકોના મોત થયા છે અને અન્ય કેટલાકને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોમાં અનેકની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. પોલીસે કરેલા ગોળીબારમાં હુમલાખોર ઠાર મરાયો છે. મેડિસન અબન્ડન્ટ લાઈફ ક્રિસ્ચિયન સ્કૂલમાં આ ગોળીબારમાં થયો હતો. પોલીસ આ ઘટના મામલે તપાસ કરી રહી છે. હાલમાં આ વિસ્તારમાં લોકોને જવાથી અટકાવી દેવાયા છે. ગોળીબારની ઘટના બની ત્યારે આ સ્કૂલમાં આશરે ૪૦૦ વિદ્યાર્થી હતા. આ અંગે વધુ વિગતો મળી રહી છે. અમે હુમલાખોરને ઠાર મારી દીધા છે તેમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં વધી રહેલા ગન કલ્ચરને કારણે તેના દુષ્પરિણામો બની રહ્યા છે. ગોળીબારની ઘટનાઓ અવારનવાર બનતી રહે છે. પોલીસ આ ઘટના મામલે તપાસ કરી રહી છે, હાલમાં આ વિસ્તારમાં લોકોને જવાથી અટકાવી દેવાયા છેઅમેરિકાના વિસ્કોન્સિનમાં એક સ્કૂલમાં ગોળીબારની ઘટનામાં પાંચ લોકોના મોત થયા છે અને અન્ય કેટલાકને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોમાં અનેકની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે.

### પ્રતિ કલાક ૨૨૫ કિમી.ની ઝડપે પવન ફૂંકાયો

# ફ્રાંસમાં સદીના વિનાશક તોફાન ‘ચિડો’માં હજારોના મોતની શંકા

**ફ્રેન્ચ અધિકારીએ આપી હતી । માયોટ આફ્રિકાના પૂર્વ કિનારાથી દૂર હિંદ મહાસાગરમાં મડાગાસ્કરની પશ્ચિમે આવેલું છે, માયોટ પર ફ્રાન્સનું નિયંત્રણ । ફ્રાન્સથી ૭,૮૩૭ કિમી. દૂર**

। પેરિસ, તા.૧૭ ।

ફ્રાન્સના ટાપુ માયોટમાં ચક્રવાત ‘ચિડો’એ ભારે વિનાશ વેર્યો છે. ફ્રેન્ચ હિંદ મહાસાગરના કિનારે ટકરાયેલા સદીના સૌથી ખરાબ તોફાનને પગલે હજારો લોકોના મોત થયા હોવાની આશંકા છે એવી માહિતી વરિષ્ઠ ફ્રેન્ચ અધિકારીએ આપી હતી.માયોટ આફ્રિકાના પૂર્વ કિનારાથી દૂર હિંદ મહાસાગરમાં મડાગાસ્કરની પશ્ચિમે આવેલું છે. માયોટ પર ફ્રાન્સનું નિયંત્રણ છે. તે ફ્રાન્સથી ૭,૮૩૭ કિમી. દૂર છે. ‘ચિડો’ને છેલ્લા ૧૦૦ વર્ષનું સૌથી વિનાશક તોફાન ગણવામાં આવી રહ્યું છે. જેમાં મોટી સંખ્યામાં જાનહાનિ થઈ હોવાની આશંકા છે. ફ્રેન્કોઈસ-ઝેવિયર બ્યુવિલે માયોટની સ્થાનિક મીડિયા ચેનલને જણાવ્યું હતું કે, “મારા મતે હજારો લોકોનું મૃત્યુ થવાની આશંકા છે.” ફ્રાન્સના



આંતરિક મંત્રાલયે જણાવ્યું હતું કે, “તમામ મૃતકોનો હિસાબ રાખવાનું મુશ્કેલ બનશે.” ફ્રેન્ચ સરકારે જણાવ્યું હતું કે, “ચક્રવાત ચિડો રાતે માયોટને ટકરાયું ત્યારે પ્રતિ કલાક ૨૨૫ કિમી.ની ઝડપે પવન ફુંકાયો હતો. તેને લીધે ઘણા રહેઠાણો, સરકારી ઈમારતો અને એક હોસ્પિટલને નુકસાન થયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર માયોટમાં છેલ્લા ૯૦ વર્ષમાં આવેલું આ સૌથી વિનાશક તોફાન છે.માયોટની રાજધાની મમુદ્ઝુના રહેવાસી મહોમ્મદ ઈશ્માઈલે જણાવ્યું હતું કે, “આપણે દુખદ સમયનો અનુભવ કરી રહ્યા છીએ. એવું લાગી રહ્યું છે કે જાણે આપણે પરમાણુ યુદ્ધ પૂરું થયા પછીના સમયમાં જીવી રહ્યા છીએ. મેં નજર સામે તમામ પાડોશીઓને મોતને ભેટતા જોયા હતા.” ફ્રાન્સે શેર કરેલા હવાઈ ફૂટેજમાં માયોટના એક ટાપુ પર હજારો કામચલાઉ ઘરોનો કાટમાળ નજરે પડતો હતો. સ્થાનિક મીડિયાએ શેર કરેલી તસવીરોમાં પોલીસની ઊંધી વળેલી હોડીઓ કિનારા પર તરતી હતી. જ્યારે ધરાશાયી થયેલા નાળિયેરીના વૃક્ષોને કારણે ઘણી ઈમારતોના છાપરા તૂટી ગયા હતા.ળેન્ચ પ્રેસિડેન્ટ ઈમેન્યુઅલ મેક્રોંએ જણાવ્યું હતું કે, “માયોટના લોકો સાથે મારી સંવેદના છે. છેલ્લો કેટલોક સમય તેમના માટે ભયાવહ રહ્યો છે. કેટલાકે તમામ સંપત્તિ ગુમાવી છે તો ઘણાએ જીવ ગુમાવ્યો છે.” ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક દાયકામાં લોકોએ પૂર્વ આફ્રિકાના કિનારે આવેલા કોરોરોસથી માયોટમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો છે. માયોટમાં જીવનધોરણ ઊંચું છે અને તેને ફ્રાન્સની વેલ્ફેર સિસ્ટમનો લાભ મળે છે. ફ્રેન્ચ સરકારના જણાવ્યા અનુસાર માયોટમાં એક લાખથી વધુ લોકો ગેરકાયદે રહે છે.

## ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ની એક્ટ્રેસે કરી પજામા પાર્ટી

। લખનૌ, તા.૧૬ ।

‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’માં સોનુ ભીડેનો રોલ પ્લે કરનાર ઝિલ મહેતાએ તેનો ૨૭મો જન્મદિવસ ધામધૂમથી ઉજવ્યો. તેને આનંદથી ભરપૂર પજામા-થીમ આધારિત પાર્ટી સાથે તેમના ખાસ દિવસની ઉજવણી કરી.ઝિલના લગ્ન ટૂંક સમયમાં થવાના છે, તેથી એક્ટ્રેસે આ સમય પોતાના માટે અને તેના પરિવાર માટે પસંદ કર્યો છે. તે એક્ટ્રેસમાંથી મેકઅપ આર્ટિસ્ટ બની ગઈ છે અને આખો દિવસ પરિવાર સાથે વિતાવી રહી છે.ઝિલે સેલિબ્રેશનના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા અને તેમને કેપ્શન આપ્યું, ‘જ્યારે તમે ૨૭ વર્ષના થાવ, #BrideToBe, અને લગ્ન પ્રસંગો માટે ખરીદી કરીને કંટાળી ગયા હોવ, ત્યારે એક જ જવાબ છે તમારા જન્મદિવસ પર એક પજામા પાર્ટી. પાર્ટીમાં તેની ગર્લ ગેંગ ગેમ્સ રમતી, થીમ આધારિત કેક કાપતી અને સાથે મળીને એન્જોય કરતી જોવા મળે છે.આરામદાયક પજામા પાર્ટીમાં સુંદર દેખાતી ઝીલ આ દરમિયાન ખુશ જોવા મળી હતી.

## કેટલી વખત સાબિત કરું કે ભારતને પ્રેમ કરું છું : દિલજીત

। મુંબઈ, તા.૧૭ ।

લોકપ્રિય ગાયક અને અભિનેતા દિલજીત દોસાંઝ હાલના દિવસોમાં ભારતના પ્રવાસે છે. તેનો આ પ્રવાસ અત્યારે ખૂબ ચર્ચામાં ચાલી રહ્યો છે, પરંતુ તે હવે વિવાદો સાથે પણ જોડાય ગયો છે. હવે દિલજીતની એક સોશિયલ મીડિયા પોસ્ટ ફરી વિવાદમાં છે. હાલમાં જ ચંદીગઢમાં પરફોર્મ કરવા આવેલા દિલજીતે પોતાની એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પંજાબનો સ્પેલિંગ ‘પંજાબ’ લખ્યો હતો. જેના પછી વિવાદ શરૂ થઈ ગયો હતો. હવે દિલજીતે આ મામલે ખુલાસો આપતા કહ્યું છે કે તેણે કેટલી વાર સાબિત કરવું પડશે કે તે ભારતને પ્રેમ કરે છે.દિલજીતે કરેલી પોસ્ટમાં ‘પંજાબ’ની જગ્યાએ ‘પંજાબ’ લખવાને કારણે વિવાદમાં આવેલા દિલજીતે હવે ખુલાસો કર્યો છે. દિલજીતે પોસ્ટમાં લખ્યું હતું કે, ‘જો કોઈ ટ્વીટમાં પંજાબની સાથે ધ્વજનો ઉલ્લેખ કરવાનો રહી ગયો તો એ ષડયંત્ર........બેંગલુરુના ટ્વીટમાં પણ ધ્વજનો ઉલ્લેખ કરવા માટે માત્ર એક જ જગ્યા બાકી છે. અને જો ‘પંજાબ’ લખ્યું તો એ ષડયંત્ર છે. પંજાબને ‘પંજાબ’ લખો કે ‘પંજાબ’, પરંતુ પંજાબ તો પંજાબ જ રહેશે.’ હાલમાં જ ચંદીગઢમાં પરફોર્મ કરવા આવેલા દિલજીતે પોતાની એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પંજાબનો સ્પેલિંગ ‘પંજાબ’ લખ્યો હતો.

### ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીના વિધાનસભામાં વિપક્ષ પર આકરા પ્રહારો

# ભારતમાં રામ-કૃષ્ણ, બુદ્ધની પરંપરા જ ચાલશે બાબર, ઔરંગઝેબની નહીં: યોગીનો હુંકાર

**સંભલને લઈને વિપક્ષના હોબાળા બાદ તેમણે કહ્યું હતું કે કોર્ટના આદેશનું પાલન કરવાની જવાબદારી પ્રશાસનની છે, સંભલમાં તુર્ક અને પઠાણો વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે**

। લખનૌ, તા.૧૭ ।

યુપી વિધાનસભાના શિયાળુસત્રના પહેલા દિવસે સોમવારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગૃહમાં વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. સીએમ યોગીએ કહ્યું હતું કે ભારતમાં માત્ર રામ-કૃષ્ણ અને બુદ્ધની પરંપરા જ ચાલશે, બાબર અને ઔરંગઝેબની પરંપરા ટકશે નહીં.સંભલને લઈને વિપક્ષના હોબાળા બાદ તેમણે કહ્યું હતું કે કોર્ટના આદેશનું પાલન કરવાની જવાબદારી પ્રશાસનની છે. સંભલમાં પણ વહીવટીતંત્ર આવું જ કરી રહ્યું છે. યોગીએ કહ્યું હતું કે સંભલમાં તુર્ક અને પઠાણો વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. શફીકુર રહેમાન બર્ક (એસપીના સંભલના ભૂતપૂર્વ સાંસદ) પોતાને ભારતનો નાગરિક નહીં પરંતુ બાબરનો સંતાન ગણાવે છે.



હવે, તમારે નક્કી કરવાનું છે કે તમે આક્રમણકારોને તમારા આદર્શ માનો છો કે રામ-કૃષ્ણ અને બુદ્ધની પરંપરાને. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતમાં માત્ર રામ-કૃષ્ણ અને બુદ્ધની પરંપરા જ ચાલશે, નહીં કે બાબર અને ઔરંગઝેબની પરંપરા. વીજચોરીના મુદ્દે વિપક્ષ પર ચાબખા મારતા તેમણે કહ્યું હતું કે અમે વિચારતા હતા કે મીની સ્ટેશન પાવર કોર્પોરેશન દ્વારા ચલાવવામાં આવે છે, પરંતુ સંભલમાં ધાર્મિક સ્થળો પરથી મીની પાવર સ્ટેશન ચલાવાઈ રહ્યા છે. ઘણી એવી મસ્જિદો મળી આવી છે જ્યાં ગેરકાયદે સબ-સ્ટેશનો બનાવવામાં આવ્યા છે અને વીજળીના ગેરકાયદેસર કનેક્શન દ્વારા મફતમાં વીજવિતરણ કરવામાં આવતું હતું.તેમણે વધુમાં કહ્યું હતું કે રાજ્યમાં પાવર કોર્પોરેશનનો લાઈનલોસ ૩૦થી ઓછું છે.

**પાકિસ્તાનના પૂર્વ મંત્રીએ કર્યા પ્રિયંકા ગાંધીના વખાણ**

# ‘પાર્લામેન્ટમાં પેલેસ્ટાઈન લખેલી બેગ લઈને જવું એ હિંમતનું કામ‘

**આ વર્ષે ઓક્ટોબરમાં હમાસ અને ઇઝરાયેલ વચ્ચે શરૂ થયેલા યુદ્ધને એક વર્ષ વીતી ગયા બાદ પણ પ્રિયંકા ગાંધીએ ઇઝરાયેલ પર નિશાન સાધ્યું હતું**

। નવી દિલ્હી, તા.૧૭ ।

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી સોમવારે પેલેસ્ટાઈન લખેલી બેગ લઈને સંસદ પહોંચ્યા હતા. હવે પાકિસ્તાનમાં પણ તેના પગલાના વખાણ થઈ રહ્યા છે. પાકિસ્તાનના પૂર્વ મંત્રી ફવાદ હસન ચૌધરીએ પ્રિયંકા ગાંધીની આ તસવીર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર શેર કરી છે.પાકિસ્તાની નેતા ફવાદ ચૌધરીએ લખ્યું, ‘જવાહરલાલ નેહરુ જેવા મહાન સ્વતંત્રતા સેનાનીની પૌત્રી પાસેથી આપણે બીજી શું અપેક્ષા રાખી શકીએ? પ્રિયંકા ગાંધી વામન વચ્ચે ઉંચા ઉભા છે, શરમજનક વાત છે કે આજ સુધી પાકિસ્તાની સંસદના કોઈ સભ્યે આવી હિંમત દાખવી નથી.પ્રિયંકા ગાંધી સંસદમાં જે બેગ લઈને ગયા હતા તેના પર “પેલેસ્ટાઈન” લખેલું હતું અને તરબૂચ જેવા પેલેસ્ટિનિયન પ્રતીકો પણ હતા, જે પેલેસ્ટિનિયન એકતાનું પ્રતીક માનવામાં આવે છે. તરબૂચ પેલેસ્ટિનિયન સંસ્કૃતિનો મહત્વપૂર્ણ ભાગ છે. કાપેલા તરબૂચની તસવીર અને ઈમોજીનો ઉપયોગ ઘણીવાર પેલેસ્ટાઈનના લોકો સાથે એકતા દર્શાવવા માટે થાય છે. પ્રિયંકા ગાંધી પેલેસ્ટાઈન અને ગાઝાના પીડિતો માટે સતત અવાજ ઉઠાવી રહી છે. આ વર્ષે ઓક્ટોબરમાં હમાસ અને ઈઝરાયેલ વચ્ચે શરૂ થયેલા યુદ્ધને એક વર્ષ વીતી ગયા બાદ પણ પ્રિયંકા ગાંધીએ ઈઝરાયેલ પર નિશાન સાધ્યું હતું. ગાઝામાં વધી રહેલા મૃત્યુ વચ્ચે પ્રિયંકાએ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો. ગાઝા પર દરેક આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવતા પ્રિયંકાએ કહ્યું હતું કે ૭,૦૦૦ લોકોની હત્યા બાદ પણ હિંસાની પ્રક્રિયા અટકી નથી.

## ન્યૂઝ બ્રિફ



### હોસ્પિટલના બિછાને રહેલા બાળક માટે અલ્લુ અર્જુને લખી ઈમોશનલ પોસ્ટ

। મુંબઈ, તા.૧૭ ।

૧૩ ડિસેમ્બરનો દિવસ અલ્લુ અર્જુન અને તેના પરિવાર માટે ભારે હતો. સંધ્યા થિયેટર કેસ મામલે પોલીસે એક્ટરની ધરપકડ કરી હતી. પરંતુ હાઈકોર્ટે અલ્લુ અર્જુનને એક મહિનાના જામીન આપ્યા હતા. અલ્લુ સંધ્યા થિયેટરમાં તેના ચાહકોને મળવા ગયો હતો, જ્યાં ભીડ બેકાબૂ બનતા નાસભાગ મચી હતી. જેમાં એક મહિલાનું મોત થયું હતું અને એક ૮ વર્ષનો બાળક બેભાન થઈ ગયો હતો. હાલ તેની સારવાર ચાલી રહી છે. પીડિત બાળક માટે એક્ટરે ઈમોશનલ પોસ્ટ શેર કરી છે.અલ્લુ અજુને એક પોસ્ટ શેર કરી છે, જેમાં તેણે આ બાળક વિશે ચિંતા વ્યક્ત કરી છે. અલ્લુએ લખ્યું- હું શ્રી તેજની હાલતથી ચિંતિત છું અને તેના વિશે પણ વિચારી રહ્યો છું. જો કે, તે ડોકટરોની દેખરેખમાં છે અને તેની સારવાર ચાલી રહી છે, પરંતુ જે થયું તે થવું જોઈતું નહોતું.

### પ્રખ્યાત ગુજરાતી સિંગર કૈરવી બુચે કરી લીધા લગ્ન

। મુંબઈ, તા.૧૭ ।

પોપ્યુલર ગુજરાતી સિંગર કૈરવી બુચ અને ડો. જયદિપ ચૌહાણ લગ્નનાં તાંતણે બંધાયા છે. કૈરવીના મધુર સૂરો અને જયદીપની સેવાભાવી પ્રકૃતિનું આ મિલન હવે એક તાંતણે બંધાયું છે. કૈરવી અમદાવાદમાં રહે છે અને તે સિંગરની સાથે સાથે ડેન્ટિસ્ટ પણ છે.લોકપ્રિય સિંગર કૈરવી બુચ અમદાવાદના એમડી પલ્મોનોલોજિસ્ટ અને લંગ સ્પેશિયલિસ્ટ ડો. જયદિપ ચૌહાણ સાથે લગ્નના બંધનમાં બંધાઈ છે. બંનેની તસવીરો સોશિયલ મિડિયા પર સામે આવી છે. રાજકોટ જયદિપનું હોમટાઉન એટલે કે વતન છે. જયદીપનું મૂળ વતન રાજકોટ છે પરંતુ તે હાલમાં અમદાવાદમાં છે.ગુજરાતી સિંગર કૈરવી બૂચે અમદાવાદના એમડી પલ્મોનોલોજિસ્ટ અને લંગ સ્પેશિયાલિસ્ટ ડો. જયદીપ ચૌહાણ સાથે ૧૪ ડિસેમ્બરના પ્રભુતામાં પગલાં માંડ્યા છે. મળતી માહિતી મુજબ કૈરવી અને જયદીપના લગ્ન રાજકોટની હેરિટેજ હોટલમાં થયા.

## આઝમ ખાનની જામીન અરજી પર યુપી સરકારને નોટિસ ફટકારાઇ

। નવીદિલ્હી, તા.૧૭ ।

સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા અને યુપીના પૂર્વ કેબિનેટ મંત્રી મોહમ્મદ આઝમ ખાન અને તેમના પુત્ર અબ્દુલ્લા આઝમ ખાનની જામીન અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે યુપી સરકારને નોટિસ ફટકારી છે. સુપ્રીમ કોર્ટે આ મુદ્દે રાજ્ય સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. આ મામલો રામપુર મ્યુનિસિપલ કાઉન્સિલના સફાઈ મશીનની ચોરી કરીને જોહર યુનિવર્સિટીમાં માટીમાં દાટી દેવાનો છે. આ કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે આઝમ ખાન અને તેમના પુત્ર અબ્દુલ્લા આઝમ ખાનની જામીન અરજી ફગાવી દીધી હતી.

## કેનેડાના નાયબ વડાપ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે આપ્યું રાજીનામું

। ઓટાવા, તા.૧૭ ।

કેનેડાના નાયબ વડા પ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે સોમવારે પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાનું રાજીનામું વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોને સોંપ્યું છે. આ રાજીનામા પત્રમાં ફ્રીલેન્ડે કહ્યું છે કે ગયા અઠવાડિયે ટ્રુડોએ તેમને નાણા મંત્રી પદ પરથી હટાવવાનો પ્રયાસ કર્યો હતો અને તેમને કેબિનેટમાં અન્ય કોઈ ભૂમિકાની ઓફર કરી હતી. તેમણે રાજીનામામાં કહ્યું કે કેબિનેટ છોડવું એ એક માત્ર પ્રામાણિક અને વ્યવહારુ રસ્તો છે.ફ્રીલેન્ડનું રાજીનામું એવા સમયે આવ્યું છે જ્યારે કેનેડા અને યુએસ વચ્ચે સરહદ સુરક્ષા અંગે ચર્ચા થવાની હતી. કેનેડાના ડેપ્યુટી પીએમ અને નાણા મંત્રી ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે સોમવારે અચાનક રાજીનામું આપી દીધું છે. રાજીનામું આપતી વખતે, તેમણે કહ્યું કે તેઓ હવે કેનેડા માટે શ્રેષ્ઠ માર્ગ વિશે વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો સાથે સહમત નથી.ફ્રીલેન્ડ સંસદમાં આર્થિક ઘટાડાના આંકડા રજૂ કરવાના હતા. આના થોડા કલાકો પહેલા જ તેમણે પદ છોડી દીધું હતું. દસ્તાવેજમાં વ્યાપકપણે એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે સરકારે ૨૦૨૩-૨૪ માટે આયોજન કરતાં ઘણી મોટી બજેટ ખાધ ચલાવી છે.ફ્રીલેન્ડે ટ્રુડોને એક પત્ર લખ્યો હતો જે તેણે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો હતો.

**મુખ્ય પિટીશન છેલ્લા ત્રણ વર્ષથી પેન્ડિંગ** | **સર્વોચ્ચ અદાલતે ગુજરાત સરકારના અશાંત ધારાની કેટલીક જોગવાઇને રદ કરવાની માંગ કરતી અરજી ફગાવી**

# દરેક કાયદા સાથે બંધારણની ધારણા જોડાયેલી છે : એસસી

। નવી દિલ્હી, તા.૧૭ ।

સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારના અશાંત ધારાની કેટલીક જોગવાઈને રદ કરવાની માંગ ફગાવી દીધી છે. જણાવ્યું છે કે, દરેક કાયદા સાથે બંધારણીય ધારણા જોડાયેલી હોય છે. જજ દીપાંકર દત્તા અને પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે આવી ટિપ્પણી કરવા સાથે ગુજરાત હાઈકોર્ટના આદેશ સામે કરાયેલી પિટીશનને ફગાવી દીધી હતી. અરજીમાં ગુજરાત સરકારના અશાંત વિસ્તારોની સંપત્તિઓ અંગે ૧૯૯૧ના કાયદાની કેટલીક જોગવાઈને રદ કરવાની માંગણી કરવામાં આવી હતી.



સુપ્રીમ કોર્ટે અરજી પર સુનાવણી કરતી વખતે પ્રશ્ન કર્યો હતો કે, “વચગાળાના આદેશ દ્વારા કાનૂની જોગવાઈઓને કેવી રીતે રદ કરી શકાય? દરેક કાયદા સાથે બંધારણની ધારણા જોડાયેલી હોય છે.” ઉલ્લેખનીય છે કે, ગુજરાતના સંપત્તિ કાનૂન, ૧૯૯૧ના સ્થાવર મિલકતના વેચાણને અટકાવવા તેમજ અશાંત વિસ્તારોમાં ભાડુઆતોને બેઘર થતા બચાવવાની જોગવાઈને રદ કરવાની માંગણી કરવામાં આવી હતી.અશાંત ધારો ગુજરાતના સંવેદનશીલ વિસ્તારોમાં સ્થાવર મિલકતના વેચાણ પર પ્રતિબંધ મૂકે છે. જોકે, ૨૮ ઓક્ટોબરે ગુજરાત હાઈકોર્ટે અરજીને ફગાવી દીધી હતી. જેને સુપ્રીમમાં પડકારાઈ હતી. જોકે, સુપ્રીમે જણાવ્યું હતું કે, “અમે હાઈકોર્ટના ચુકાદામાં હસ્તક્ષેપ કરવા ઈચ્છુક નથી અને અરજીને રદ કરીએ છીએ.” સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, “હાઈકોર્ટમાં મુખ્ય પિટીશન છેલ્લા ત્રણ વર્ષથી પેન્ડિંગ છે અને અરજદારો હાઈકોર્ટના ચીફ જસ્ટિસને અરજીની વહેલી સુનાવણી માટે વિનંતી કરી શકે છે.” સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારના અશાંત ધારાની કેટલીક જોગવાઈને રદ કરવાની માંગ ફગાવી દીધી છે. જણાવ્યું છે કે, દરેક કાયદા સાથે બંધારણીય ધારણા જોડાયેલી હોય છે. જજ દીપાંકર દત્તા અને પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે આવી ટિપ્પણી કરવા સાથે ગુજરાત હાઈકોર્ટના આદેશ સામે કરાયેલી પિટીશનને ફગાવી દીધી હતી.

### મહાકુંભમાં કોઈ ભૂખ્યું નહીં સૂવે । ૨૦૦ સંસ્થાઓ મફત ભોજન પીરસવા માટે કેમ્પ લગાવશે

# મહાકુંભમાં વિશ્વના સૌથી મોટા ફ્રી ફૂડ કેમ્પનું આયોજન કરાશે

### એડીએમ વિવેક ચતુર્વેદીએ કહ્યું કે સ્વૈચ્છિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓ શ્રદ્ધાળુઓને મફત ભોજન આપવા માટે લંગર ગોઠવવામાં ખૂબ ગર્વ અનુભવે છે

। પ્રયાગરાજ, તા.૧૭ ।

આવતા વર્ષે ૧૩ જાન્યુઆરીથી પ્રયાગરાજમાં મહાકુંભનું આયોજન થવા જઈ રહ્યું છે. મહાકુંભની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. કહેવાય છે કે અહીં દરરોજ ૭૦ થી ૮૦ લાખ લોકો પહોંચી શકે છે. આટલી મોટી સંખ્યા હોવા છતાં મહાકુંભમાં કોઈ ભક્ત ભૂખ્યો નહીં રહે. આ માટે ૨૦૦ થી વધુ ધાર્મિક સંસ્થાઓ કુંભ વિસ્તારમાં તમામ શ્રદ્ધાળુઓને ભોજન પીરસવા માટે કેમ્પ લગાવશે. કુંભ મેળાના વધારાના અધિકારી વિવેક ચતુર્વેદીએ જણાવ્યું હતું કે મોટી સંખ્યામાં ધાર્મિક સંસ્થાઓ સ્વેચ્છાએ દરેકને મફત ભોજન આપે છે.ભૂતકાળમાં પણ ધાર્મિક સંસ્થાઓએ લાખો શ્રદ્ધાળુઓને મફત ભોજન કરાવ્યું છે. હવે આ વર્ષનો કુંભ પણ આનાથી અલગ નહીં હોય. એડીએમ વિવેક ચતુર્વેદીએ કહ્યું કે સ્વૈચ્છિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓ શ્રદ્ધાળુઓને મફત ભોજન આપવા માટે લંગર ગોઠવવામાં ખૂબ ગર્વ અનુભવે છે.







### જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૫માં બે વાર મફત રાશનનું વિતરણ કરાશે

આ સાથે રાજ્યનો અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ મેળાના વિસ્તારના તમામ સેક્ટરમાં ૧૬૦ વાજબી ભાવની દુકાનો પણ સ્થાપશે. અહીં જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૫માં બે વાર મફત રાશનનું વિતરણ કરવામાં આવશે. આ અંતર્ગત સંગ્રહ માટે પાંચ વેરહાઉસ બનાવવામાં આવશે, જેના માટે રાજ્ય સરકારે ૪૩ કરોડ રૂપિયાથી વધુ આપવાનું વચન આપ્યું છે. ફેર એસડીએમ વિવેક ચતુર્વેદી જણાવે છે કે કલ્પવાસી જે એક મહિના સુધી કુંભ વિસ્તારમાં રહે છે અને પોતાનું ભોજન જાતે બનાવે છે. તેથી, આ ૧૬૦ રાશનની દુકાનો તેમની જરૂરિયાતો પૂરી કરશે. નવા રાશન અને સપ્લાય આપશે.

### સંસ્થાઓએ ગંગામાં પવિત્ર ડૂબકી મારતા ભક્તોને ભોજન આપવાનું વચન આપ્યું

સેવા આશ્રમ અને અન્ય સેંકડો સંસ્થાઓએ ગંગામાં પવિત્ર ડૂબકી મારતા ભક્તોને ભોજન આપવાનું વચન આપ્યું છે.કુંભ વિસ્તારના દરેક ખૂણામાં મફત ભોજન અને લંગરની વ્યવસ્થા કરવામાં આવી છે. અન્નપૂર્ણા નગર પણ આનો એક ભાગ છે. આ કાર્યમાં ધાર્મિક સામાજિક સંસ્થાઓ અગ્રેસર છે. મહાકુંભ વિસ્તારમાં હાજર ૭૮૨ ખાલ આમાં સૌથી આગળ છે, જ્યાં ૨૪ કલાક સતત લંગર ચલાવવામાં આવે છે. મોટી સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ પણ આ વખતે આગળ આવી. ઋષિકેશમાં પરમાર્થ નિકેતન આશ્રમના પ્રમુખ અને આધ્યાત્મિક વડા સ્વામી ચિદાનંદ સરસ્વતી કહે છે કે અમારો શિબિર નૈની રોડ પરના અરૈલ ઘાટ પર હશે.

### ૭૦ લાખ લોકો માટે ભોજનની વ્યવસ્થા

શરૂઆતમાં અમે બોટ ડ્રાઈવરો અને સફાઈ કામદારોને ખોરાક આપીશું, જેઓ ખૂબ દબાણ હેઠળ હશે. ત્યાર બાદ આ સેવાને સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં આવશે. ભક્તોને સ્વચ્છ રીતે તૈયાર રોટલી, શાકભાજી, ભાત અને કઠોળ ખોરાક તરીકે મળશે. તેવી જ રીતે, અક્ષય પાત્ર ફાઉન્ડેશન અને હરે કૃષ્ણ ચળવળ વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક મેળાવડાના યજમાન શહેર પ્રયાગરાજમાં વિશાળ મોબાઈલ રસોડા અને રસોઈના વાસણો મોકલી રહ્યાં છે. અક્ષય પત્ર ફાઉન્ડેશનના જનસંપર્કના વડા સ્વામી અનંત વીર્ય દાસ કહે છે કે અમે પરેડ ગ્રાઉન્ડની નજીક આવેલા લગભગ ૧૦ હજાર શ્રદ્ધાળુઓને મોબાઈલ કિચન દ્વારા સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન પ્રદાન કરીશું. અમે ૧૦ જાન્યુઆરીથી પ્રસાદનું વિતરણ શરૂ કરીશું.

---

## અલ્લુ અર્જુન બનશે શક્તિમાન? એક્ટર મુકેશ ખન્નાનું નિવેદન



। મુંબઈ, તા.૧૭ ।

એક્ટર મુકેશ ખન્નાના નિભાયેલા આઈકોનિક સુપરહીરો કેરેક્ટર શક્તિમાન પર ફિલ્મ બનાવવાની ચર્ચા લાંબા સમયથી ચાલી રહી છે. તેના રાઈટ્સ ખરીદવા માટે યશરાજ ફિલ્મ્સની ટીમે તેનો કોન્ટેક્ટ પણ કર્યો હતો, પરંતુ મુકેશે સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. એક્ટર નથી ઈચ્છતો કે રણવીર સિંહ આ પાત્ર નિભાવે. જોકે, તેણે અલ્લુ અર્જુનના નામ પર મોહર લગાવી દીધી છે.મુકેશે જણાવ્યું કે 'ન માત્ર રણવીર સિંહ પરંતુ આદિત્ય ચોપડાની ટીમે પણ મારો કોન્ટેક્ટ કર્યો હતો જેથી તે શક્તિમાનના રાઈટ્સ ખરીદી શકે. આ વાતને વર્ષો વીતી ચૂક્યા છે પરંતુ મે તાત્કાલિક આ ઓફરને રિજેક્ટ કરી દીધી હતી. મુકેશે કહ્યું, દસ વર્ષ પહેલા આદિત્ય ચોપડાના ગ્રૂપે મારો સંપર્ક કર્યો હતો. તેમણે મને પૂછ્યું કે શું હું તેમને શક્તિમાનના રાઈટ્સ આપી શકું છું.

### 'એક દેશ એક કાયદો' બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું

# વન નેશનલ-વન ઈલેક્શન સમર્થનમાં ૨૬૯ વોટ પડ્યા અને તેની વિરુદ્ધમાં ૧૯૮ વોટ

### બે વખત મતદાન બાદ લોકસભામાં થયું હતું, મતદાન બાદ સ્વીકારવામાં આવી છે, જોકે, બિલ રજૂ થાય તે પહેલા જ વિપક્ષે વિરોધ શરૂ કરી દીધો હતો,

। નવીદિલ્હી,તા.૧૭ ।

વન નેશનલ-વન ઈલેક્શન' એટલે કે 'વન કન્ટ્રી વન ઈલેક્શન' કરાવવા સંબંધિત બિલ મંગળવારે સંસદના નીચલા ગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું. કાયદા મંત્રી અર્જુન મેઘવાલે આ બિલ લોકસભામાં રજૂ કર્યું હતું જો કે વિપક્ષે બિલનો વિરોધ કર્યો હતો વિપક્ષી સાંસદોના વિરોધ બાદ આ બિલને સ્વીકારવા માટે મતદાન કરવામાં આવ્યું હતું. બિલના સમર્થનમાં ૨૬૯ અને વિરોધમાં ૧૯૮ વોટ પડ્યા.નવી સંસદમાં પ્રથમ વખત ઈલેક્ટ્રોનિક સિસ્ટમથી મતદાન થયું હતું .'વન નેશન વન ઈલેક્શન બિલ'જેપીસીને મોકલવામાં આવશે. કેન્દ્રીય કેબિનેટમાં ભાજપ અને તેના તમામ સહયોગીઓ તેના સમર્થનમાં હતાં જ્યારે કોંગ્રેસ, એસપી, આપ, રાજદ,ટીએમસી જેવા રાજકીય પક્ષો



તેનો વિરોધ કર્યો હતો બિલ રજૂ થયા બાદ લોકસભામાં ચર્ચા થઈ રહી છે. કોંગ્રેસે આ બિલને સંઘીય માળખા પર હુમલો ગણાવ્યો છે. સમાજવાદી પાર્ટીના સાંસદ ધર્મેન્દ્ર યાદવે પણ આ બિલનો વિરોધ વ્યક્ત કર્યો છે. સપા સાંસદે કહ્યું કે સંઘીય માળખાને નષ્ટ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)એ આ બિલને સમર્થન આપ્યું છે. ચંદ્રાબાબુ નાયડુની પાર્ટીના સાંસદ ચંદ્રશેખરે કહ્યું કે એક સાથે ચૂંટણી કરાવવાથી દેશના પૈસાની બચત થશે. કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું કે આ બિલ મતદાનના અધિકાર પર હુમલો છે. આ બિલ બંધારણની મૂળ ભાવના પર હુમલો છે.ટીએમસીએ પણ આ બિલનો વિરોધ કર્યો છે. કલ્યાણ બેનર્જીએ કહ્યું કે આ બિલ બંધારણના બંધારણ પર હુમલો છે. રાજ્યોની વિધાનસભા કેન્દ્ર હેઠળ નથી.

### જગમીત સિંહે તેમને મોટો ઝટકો આપ્યો હતો


## કેનેડા : ડેપ્યુટી પીએમના રાજીનામા બાદ પીએમ ટ્રૂડોને વધુ એક ઝટકો

### ફ્રીલેન્ડ કેનેડાના ડેપ્યુટી પીએમ તેમજ નાણા મંત્રી હતા ડેપ્યુટી પીએમનું રાજીનામું તેમની કેબિનેટમાં વડા પ્રધાન ટ્રૂડો સામે પ્રથમ ખુલ્લું અસંમતિ દર્શાવે છે

। ટોરેન્ટો, તા.૧૭ ।

કેનેડાના નાયબ વડા પ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે યુએસ પ્રમુખ-ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ ધમકીઓ અંગે જસ્ટિન ટ્રૂડો સાથે અસંમત થયા પછી આશ્ચર્યજનક પગલામાં તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. ફ્રીલેન્ડ કેનેડાના ડેપ્યુટી પીએમ તેમજ નાણા મંત્રી હતા ડેપ્યુટી પીએમનું રાજીનામું તેમની કેબિનેટમાં વડા પ્રધાન ટ્રૂડો સામે પ્રથમ ખુલ્લું અસંમતિ દર્શાવે છે. કેનેડામાં આ રાજકીય ઉથલપાથલના કારણે ટ્રૂડોની ખુરશી જોખમમાં છે.ક્રિસ્ટિયા ફ્રીલેન્ડના અચાનક રાજીનામાના થોડા સમય બાદ, તેમના કેબિનેટ સાથીદાર ડોમિનિક લેબ્લેક્રે કેનેડાના નવા નાણાં પ્રધાન તરીકે શપથ લીધા હતા. વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોના લાંબા સમયથી સાથી રહેલા લેબ્લાક્રે તેમની કેબિનેટમાં જાહેર સુરક્ષા પ્રધાન તરીકે સેવા આપી હતી. આ પગલું એવા સમયે આવ્યું છે જ્યારે કેનેડા "અનપેક્ષિત ખર્ચ" ને કારણે ૬૨ બિલિયનની ખોટનો સામનો કરી રહ્યું છે."અમારો દેશ આજે એક ગંભીર પડકારનો સામનો કરી રહ્યો છે," કેનેડિયન આયાત પર ૨૫ ટકા ટેરિફ માટે ટ્રમ્પની યોજના તરફ ધ્યાન દોરતા ફ્રીલેન્ડે કહ્યું કે ટ્રૂડો તેને બીજી નોકરી શોધવા માંગે છે. જેનો તેમણે જવાબ આપ્યો: "મેં તારણ કાઢ્યું છે કે કેબિનેટમાંથી રાજીનામું આપવું એ મારા માટે એકમાત્ર પ્રામાણિક અને સધ્ધર કાર્યવાહી છે."કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડો હજુ ક્રિસ્ટિયા ફ્રીલેન્ડના રાજીનામાના આઘાતમાંથી બહાર આવ્યા ન હતા ત્યારે ખાલિસ્તાન સમર્થક અને ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના નેતા જગમીત સિંહે તેમને બીજો મોટો ઝટકો આપ્યો હતો.

## ખેડૂત આંદોલનમાં સમર્થનમાં ઉતર્યો અભિનેતા ગુરુ રંધાવા



। મુંબઈ, તા.૧૭ ।

સમગ્ર દેશમાં ખેડૂત આંદોલન ચાલી રહ્યું છે. ખેડૂત પોતાની માગ માટે એક વખત ફરી આંદોલન કરવા રસ્તા પર ઉતરી આવ્યા છે. સમગ્ર દેશમાં ઠેર-ઠેર આંદોલન થઈ રહ્યાં છે. તેમના સપોર્ટમાં ઘણા સેલેબ્સ ઉતર્યા છે. હવે પંજાબી સિંગર ગુરુ રંધાવા પણ ખેડૂતોના સપોર્ટમાં આવ્યો છે. તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી છે. જેમાં તેણે સરકારને ખેડૂતો સાથે બેસીને વાત કરવા વિશે લખ્યું છે જેથી આ આંદોલનને ખતમ કરી શકાય.ગુરુ રંધાવા સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહે છે. તે દરેક મુદ્દે પોતાનો મત મૂકવાથી પીછેહઠ કરતો નથી. હવે તેણે ખેડૂતોને લઈને અવાજ ઉઠાવ્યો છે. તેની આ પોસ્ટ ખૂબ વાયરલ પણ થઈ રહી છે.ગુરુ રંધાવાએ લખ્યું- 'ખેડૂત દેશના દરેક ઘરમાં ભોજન પહોંચાડે છે. તેમનો અવાજ સાંભળવો જોઈએ. અમે સરકારી અધિકારીઓને વિનંતી કરીએ છીએ કે પ્લીઝ ખેડૂતોના અધિકારીઓ સાથે બેસીને ચર્ચા કરો.

---

## ફડણવીસની નાગપુર રેલીમાં લૂંટારાઓએ ભીડમાંથી ૨૬ લાખના ઘરેણાની ચોરી

। નાગપુર, તા.૧૭ ।

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બન્યા બાદ દેવેન્દ્ર ફડણવીસ પ્રથમ વખત નાગપુર પહોંચ્યા હતા. તેમના સ્વાગત માટે કાર્યકરોએ ભવ્ય રેલીનું આયોજન કર્યું હતું. એરપોર્ટથી લક્ષ્મીનગર ચોક સુધી શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી. આ દરમિયાન લૂંટારુઓએ મસ્તી કરી હતી. સીએમ ફડણવીસની રેલીમાં ચેઈન સ્નેચિંગ અને જ્વેલરી લૂંટાઈ હતી. આ મામલે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે લૂંટ અને ચેઈન સ્નેચિંગ ગેંગના ૧૧ લોકોની ધરપકડ કરી છે. આ તમામે ૩૩ લોકો પાસેથી આશરે રૂ. ૨૬ લાખના દાગીનાની ચોરી કરી હતી.આ મામલે બજાજ નગર પોલીસમાં કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે કાર્યવાહી કરીને ૧૧ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે તેમનો એક સાથી ફરાર છે. કામદારોએ ૭ આરોપીઓને રંગે હાથે પકડીને પોલીસને હવાલે કર્યા હતા. તમામ આરોપીઓને ૧૯ ડિસેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.પોલીસે જણાવ્યું કે આરોપીઓની એક ટોળકી એક દિવસ પહેલા અહમદનગર, જલાના અને યવતમાલથી નાગપુર આવી હતી.

## ત્રણ વર્ષથી લડાઈ લડી રહ્યો છે અને હવે તેને ન્યાય જોઈએ છે : રાજ કુન્દ્રા

। મુંબઇ, તા.૧૭ ।

બોલીવુડ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુન્દ્રા છેલ્લા ત્રણ વર્ષથી અલગ અલગ કેસમાં કોર્ટના ચક્કર લગાવી રહ્યા છે. મની લોન્ડરિંગ ઉપરાંત તેની સામે અશ્લીલ સામગ્રી બનાવવા અને પીરસવાનો કેસ પણ નોંધાયેલ છે. ઈન્ટરવ્યુમાં કુન્દ્રાએ પોતાનું દર્દ વ્યક્ત કર્યું છે. તેણે કહ્યું કે તે ત્રણ વર્ષથી લડાઈ લડી રહ્યો છે અને હવે તેને ન્યાય જોઈએ છે.આ મામલાને લઈને રાજ કુન્દ્રાએ કહ્યું, 'આ બાબતે ત્રણ વર્ષથી આટલી બધી વાતો થઈ રહી છે. હું આ મામલે કંઈક બીજું કહેતો હતો, જ્યારે મીડિયા કોઈ અન્ય મુદ્દો ઉઠાવતો હતો.

### અદાણી મામલે પ્રહાર કરતી કોંગ્રેસ | વેણુગોપાલે વધુ આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, બુચને સેબીની તપાસ હેઠળના એકમો પાસેથી ભાડાંની આવક થતી હતી

# સેબીના વડાં માધબી બુચ વિરુદ્ધ કાર્યવાહી કેમ ના કરાઈ? : કોંગ્રેસ

। નવી દિલ્હી, તા.૧૭ ।

અદાણી મામલે સરકાર પર સતત પ્રહાર કરતી કોંગ્રેસે સોમવારે બજાર નિયામક સેબીના ચેરપર્સન માધબી પુરી બુચ સામે હિતોના ટકરાવના આક્ષેપો કર્યા હતાં. કોંગ્રેસે લોકસભામાં દાવો કર્યો હતો કે, નાણાં મંત્રી નિર્મલા સીતારામને આ મામલે જાણી જોઈને કાર્યવાહી નહીં કરીને સરકારની છબિ ખરડવાની સાથે સાથે જ નાણા સંચાલનના માળખાં પર પણ માઠી અસરો સર્જી છે.લોકસભામાં ગ્રાન્ટ માટેની પૂરક માગ અંગેની ચર્ચા દરમિયાન અદાણી મુદ્દે



સરકાર પર આક્રમક હુમલો કરતાં કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે આ સમગ્ર મામલે તપાસ કરવા જેપીસીની રચનાની માગ કરી હતી. વેણુગોપાલે સરકાર પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, આ 'અદાણી દ્વારા, અદાણીની, અદાણી માટેની' સરકાર છે. વેણુગોપાલે જણાવ્યું હતું કે, ૨૦૧૭-૨૪ દરમિયાન બુચને સેબીના અધિકારી તરીકે તે બેન્કના નિયામક હોવાના નાતે આઈસીઆઈસીઆઈ બેન્ક તરફથી કથિત રીતે રૂ. ૧૬.૪ કરોડ મળ્યાં હતાં. જે સેબીમાં મળતાં તેમના વેતન કરતાં પાંચ ગણી વધુ રકમ છે, જેનાથી હિતોના ટકરાવની બાબત તદ્દન સ્પષ્ટ થાય છે. સંસદની પબ્લિક એકાઉન્ટ કમિટી(પીએસી)ના અધ્યક્ષ વેણુગોપાલે વધુ આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, બુચને સેબીની તપાસ હેઠળના એકમો પાસેથી ભાડાંની આવક થતી હતી. સેબીના ચેરપર્સન તરીકે તેમની પાસે કંપનીઓની અપ્રકાશિત અને કિંમત સંવેદનશીલ માહિતીઓ હોવા છતાં તેમણે શેરમાર્કેટમાં રૂ. ૩૬.૯ કરોડના સોદાઓ કર્યા હતાં, જે સેબીના નૈતિકતાના નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. બુચ વિરુદ્ધ આ તમામ આક્ષેપો હોવા છતાં નાણાં મંત્રીએ તેમની વિરુદ્ધ કોઈ સ્વતંત્ર તપાસ પણ ના કરાવી કે તેમની સામે શિસ્તભંગના કોઈ પગલાં પણ ના લીધાં.નાણાં મંત્રીને સવાલ કરતાં વેણુગોપાલે કહ્યું હતું કે, બજાર નિયામક સંસ્થાના ચેરપર્સન વિરુદ્ધના આક્ષેપોને ધ્યાનમાં લેતાં સેબીના નેતૃત્વમાં પારદર્શકતા અને જવાબદેહી સુનિશ્ચિત કરવા માટે નાણાં મંત્રી શાં પગલાં લેવાનો ઈરાદો ધરાવે છે.

### શાળામાં ગોળીબારની ઘટના અંગે રાષ્ટ્રપતિ જો બિડેને ચિંતા વ્યક્ત કરી

### બિડેને દેશમાં વધી રહેલા ગન કલ્ચર પર પણ નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે દેશની સંસદે આ અંગે ગંભીરતાથી વિચારવાની જરૂર છે

# વિદ્યાર્થીઓએ હિંસા નહીં । વાંચતા-લખતા શીખવું જોઈએ : રાષ્ટ્રપતિ બિડેન ગુસ્સે થયા

। વોશિંગ્ટન,તા.૧૭ ।

અમેરિકાના વિસ્કોન્સિનની એક શાળામાં ગોળીબારની ઘટના અંગે રાષ્ટ્રપતિ જો બિડેને ચિંતા વ્યક્ત કરી હતી. બિડેને કહ્યું હતું કે બાળકોએ શાળામાં વાંચતા-લખતા શીખવું જોઈએ અને બંદૂકનો ઉપયોગ અને હિંસા ન કરવી જોઈએ. બિડેને દેશમાં વધી રહેલા ગન કલ્ચર પર પણ નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે દેશની સંસદે આ અંગે ગંભીરતાથી વિચારવાની જરૂર છે.શાળામાં ગોળીબારની ઘટના પર આઘાત અને દુખ વ્યક્ત કરતાં બિડેને કહ્યું કે આવી ઘટનાઓ સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે અને અમે અમારા બાળકોની સુરક્ષા કરવામાં સક્ષમ નથી. વ્હાઈટ હાઉસ તરફથી જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે 'આજે મેડિસન,



વિસ્કોન્સિનના પરિવારો તેમના પ્રિયજનોની ખોટથી દુઃખી છે. અમે ઈચ્છીએ છીએ કે સંસદ આ અંગે તાત્કાલિક પગલાં લે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે 'ન્યૂટનથી લઈને ઉવાલ્ડે, પાર્કલેન્ડ અને મેડિસન સુધી, શાળાઓમાં ગોળીબારની ઘણી ઘટનાઓ બની છે, જેના પર વધુ ધ્યાન આપવામાં આવ્યું નથી. અમે આને સામાન્ય ગણી શકતા નથી. દરેક બાળકને શાળામાં સંપૂર્ણ સલામતીનો અધિકાર છે. શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ વાંચતા-લખતા શીખવું જોઈએ અને હિંસા અને ગોળીબારમાં સામેલ ન થવું જોઈએ.ઉલ્લેખનીય છે કે સોમવારે મેડિસનની એબન્ડન્ટ લાઈફ ક્રિશ્ચિયન સ્કૂલમાં અંધાધૂંધ ગોળીબાર થયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ફાયરિંગમાં શંકાસ્પદ હુમલાખોર સહિત પાંચ લોકો માર્યા ગયા છે. મૃતકોમાં બાળકોનો પણ સમાવેશ થાય છે. ફાયરિંગમાં પાંચ લોકો ઘાયલ પણ થયા છે. હુમલાખોર કિશોર હોવાનું કહેવાય છે, જે શાળામાં મૃત હાલતમાં મળી આવ્યો હતો.

## બેદરકારી બદલ રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઇ સસ્પેન્ડ

। હિંમતનગર, તા.૧૭ ।

મોડાસામાં રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા.આઈજી વિરેન્દ્રસિંહ યાદવે પીઆઈએસ.એચ. ગૌસ્વામીને સસ્પેન્ડ કર્યા. પોલીસ ઈન્સ્પેક્ટર સામે ફરજમાં બેદરકારી બદલ વિભાગ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી. સાયબર ક્રાઈમની ટીમે મોડાસાથી દારૂ ભરેલ ટ્રક ઝડપી હતી. આ વિસ્તારમાં ગુનાહીત પ્રવૃત્તિઓ પર અંકુશ અને નિયંત્રણની જવાબદારી પોલીસ સ્ટેશનના ઈનચાર્જની હોય છે. સાયબર ટીમે દારૂ ભરેલ ટ્રક પકડી તો ફરજ પરના પીઆઈ તેમની ફરજ કેવી રીતે ચૂકી ગયા. જેને લઈને સવાલ ઉઠતા વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી.રાજ્યમાં વધતા ગુનાને લઈને પોલીસ વિભાગ સાથે ક્રાઈમ પોલીસ પણ વોચ રાખી રહી છે.

### આંદોલનકારીઓએ સરકાર પર ઉદ્યોગપતિઓના હિતમાં કામ કરવાનો આરોપ લગાવ્યો

# પોરબંદરમાં દૂષિત પાણીનો વિરોધ : પાણીની અંતિમયાત્રા કાઢીને । સરકાર સામે આક્રોશ

### રેલીમાં હજારો લોકોએ કાળા કપડાં પહેરીને દૂષિત પાણીને અગ્નિદાહ આપ્યો હતો

। માહિતી બ્યુરો,પોરબંદર,તા.૧૭ ।

પોરબંદર શહેરના નરસંગ ટેકરીથી ઈન્દ્રેશ્વર મહાદેવના સ્મશાન સુધી નીકળેલી આ રેલીમાં હજારો લોકોએ કાળા કપડાં પહેરીને દૂષિત પાણીને અગ્નિદાહ આપ્યો હતો. રેલીમાં હજારો લોકોએ કાળા કપડાં પહેરીને તેમની નારાજગી વ્યક્ત કરી હતી. માછીમારો સહિતના સ્થાનિકોનું માનવું છે કે આ પ્રોજેક્ટ તેમના જીવન અને પર્યાવરણ માટે મોટો ખતરો છે.




આંદોલનકારીઓએ સરકાર પર ઉદ્યોગપતિઓના હિતમાં કામ કરવાનો આરોપ લગાવ્યો છે અને પ્રોજેક્ટને તાત્કાલિક રદ કરવાની માંગ કરી છે. જો સરકારે આ પ્રશ્ન પર યોગ્ય પગલાં ન લીધા તો આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચેતવણી પણ આપવામાં આવી છે. ખારવા સમાજના વાણોટ પવનભાઈ શિયાળે જણાવ્યું કે, "પાણી જ્યાં જીવન છે, ત્યાં આજે આ દૂષિત પાણીએ પોરબંદરના દરિયાકાંઠા અને જીવજંતુઓ માટે મરણાકાર રીતે જોખમ ઊભું કર્યું છે,"

ભાજપ સરકારના નેતાઓ લોકહિતમાં નહીં પરંતુ ઉદ્યોગોના હિતમાં કાર્ય કરી રહ્યા છે તેમ પોરબંદરના યુવાન આગેવાને કહ્યું હતું. આંદોલનકારીઓએ સરકારને ચેતવણી આપી છે કે જો આ ડીપસી પાઈપલાઈન પ્રોજેક્ટ તરત જ રદ નહીં થાય, તો તેઓ આંદોલન વધુ ઉગ્ર બનાવશે. પોરબંદરના નાગરિકો મજબૂત અને સંકલ્પબદ્ધ છે કે આ પ્રશ્નને ઉકેલવામાં માત્ર મૌખિક વચનો નહીં, પરંતુ તાત્કાલિક પગલાં લેવા જોઈએ.સ્થાનિકોનો દાવો છે કે ૧૧૦૦ દિવસ સુધી શાંતિપૂર્ણ રજૂઆતો છતાં સરકાર બહેરી બની રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મૌખિક વચન આપ્યું હતું કે પ્રોજેક્ટ પોરબંદરવાસીઓની મંજૂરી વગર આગળ નહીં વધે છતાં પ્રોજેક્ટ પર કામ ચાલુ રાખ્યું છે, જેના કારણે લોકોનો વિશ્વાસ ડગી ગયો છે. સ્થાનિકોનું માનવું છે કે દૂષિત પાણી માત્ર પર્યાવરણ જ નહીં પરંતુ તેમના આરોગ્ય માટે પણ ખતરો છે.

### ચોરીનો ભેદ ઉકેલવામાં એલ.સી.બી.ની ટીમને સફળતા સાંપડી

### એક કલાક બંધ રહેલા મકાનમાંથી તસ્કરો રૂપિયા સાડા સાત લાખની કિંમતના સોના ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી લઈ ગયા હતા

# કાલાવડ તાલુકાના ધોળે દહાડે થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો!!

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૭ ।

જામનગર તાલુકાના નાનીવાવડી ગામમાં એક ખેડૂતના મકાનમાં ધોડે દહાડે ચોરી થઈ હતી અને માત્ર એક કલાક બંધ રહેલા મકાનમાંથી તસ્કરો રૂપિયા સાડા સાત લાખની કિંમતના સોના ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી લઈ ગયા હતા. જે ચોરીનો ભેદ ઉકેલવામાં એલ.સી.બી.ની ટીમને સફળતા સાંપડી છે, અને બે તસ્કરોની અટકાયત કરી લઈ રૂપિયા ૨૧.૭૬ લાખની માલમતા કબજે કરી છે, જ્યારે એક મહિલા આરોપીની શોધ ખોળ હાથ કરી છે.કાલાવડ તાલુકાના નાની વાવડી ગામે રહેતા મનસુખભાઈ પરસોતમભાઈ સાંઘાણીના રહેણાક મકાનના ગત સપ્તાહે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ કોઈ પણ હથિયાર વડે મુખ્ય દરવાજા તથા ઓસરીની ગ્રીલ તોડી રૂમના નકુચાઓ તોડી, કબાટમાથી સોના,ચાંદીના દાગીના રોકડ રૂપીયા ની ચોરીનો બનાવ બનવા પામેલ હતો.યાન એલ.સી.બી. ના પી.આઈ. વી. એમ. લગારિયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ ના અરજણભાઈ કોડીયાતર, મયુદિનભાઈ સૈયદ,ધર્મેન્દ્રસિંહ જાડેજાને પેટ્રોલીંગ,દરમ્યાન સંયુકત રીતે બાતમીદારોથી બાતમી મળી હતી.








ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક

અમદાવાદમાં ન્યૂઝ મીડિયા ક્ષેત્રે કરિયર બનાવો

ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે

છ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મીડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે

ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યૂટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..

લોક પત્રિકા

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

સંપર્ક । 98252 52125

વધુ માહિતી માટે અમારે વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in












**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya


CMYK